Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૩.

અંક ૧૦ મો. વૈશાખ : મે.

પ્રકાશન તા. ૧-૫-૧૯૪૭




વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


| | | |
|---|---|---|
| ૧ શ્રી મહાવીરદેવનું સ્તવન ... ... | ... મુનિરાજ શ્રી દક્ષવિજયજી મહારાજ | ૧૬૭ |
| ૨ મંદિરીયે ચાલો જિણંદના ... ... | ... મુનિ શ્રી યશોભદ્રવિજયજી મહારાજ | ૧૬૮ |
| ૩ મનોવેગ ... ... ... ... ... | ... ગોવીંદલાલ કકલદાસ પરીખ | ૧૬૮ |
| ૪ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિકૃત ગ્રંથ (બત્રીશ બત્રીશીઓ)નો ટુંક પરિચય | આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ | ૧૬૯ |
| ૫ વ્યાધિ મીમાંસા ... ... ... | આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ | ૧૭૧ |
| ૬ જ્ઞાનગીતા શતક ... ... ... ... ... | અમરચંદ માવજી શાહ | ૧૭૮ |
| ૭ ધર્મ કૌશલ્ય ... ... .. ... ... ... | ... મૌક્તિક | ૧૭૯ |
| ૮ શ્રીમાન યશોવિજયજી... ... ... ... | ડોકટર ભગવાનદાસ મનઃસુખભાઇ | ૧૮૩ |
| ૯ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... | ... | ૧૮૫ |
| ૧૦ સ્વીકાર-સમાલોચના... ... ... ... ... ... ... | ... | ૧૮૭ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ શેઠ કેશવલાલ લલ્લુભાઇ | પેટ્રન | | અમદાવાદ |
| ૨ ધુપેલીયા જયન્તિલાલ મણીલાલ | (૧) | લાઇફ મેમ્બર | મુંબઇ |
| ૩ સાહ મણિલાલ લલ્લુભાઇ | (૧) | ,, | મુંબઇ |
| ૪ શાહ દલીચંદ પૂનમચંદ | (૧) | ,, | ગદગસીટી |
| ૫ ઝવેરી ભોગીલાલ રીખવચંદ | (૧) | ,, | મુંબઇ |
| ૬ શેઠ ચત્રભુજ ભગવાનલાલ | (૨) | ,, | વેરાવળ |

## અમારી સભા તરફથી થયેલી નવી યોજના.

### (સમર્થ તાર્કિકચક્રવર્તી)
### શ્રી સિંહસૂરવાદિગણિક્ષમાશ્રમણ વિરચિત.

## द्वादशारनयचक्रटीका.

નયવાદપારંગત તાર્કિકશિરોમણિ **આચાર્ય શ્રી મલ્લવાદીપ્રણીત द्वादशारनयचक्र** મૂલ ગ્રંથ કે જે ભાષ્યસ્વરૂપ છે, તે તો આજે અપ્રાપ્ય છે-કયાંય એ ગ્રંથ મળતો નથી. આજે તો એ જૈન દર્શન પ્રભાવક સમર્થ દાર્શનિક ગ્રંથની માત્ર **श्रीसिंहसूरवादिगणिक्षमाश्रमण** કૃત ટીકા જ મળી શકે છે. એ ટીકા પણ અતિ અશુદ્ધ અને ભ્રષ્ટસ્વરૂપ થઇ જવાને લીધે તેની એક શુદ્ધ હસ્તપ્રતિ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયોપાધ્યાયે પોતાના હાથે કરી હતી. પરંતુ આજે એ પ્રતિ પરિચિત કોઇ ભંડારમાં જોવામાં નથી આવતી. એટલે એ પ્રતિ ઉપરથી લખાએલા અતિવિષમ રીતે ભ્રષ્ટ થએલા જે આદર્શો જોવામાં આવ્યા છે, તે બધાયને એકત્ર કરી તેના આધારે પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનની યોજના હાથ ધરવામાં આવી છે. આ ગ્રંથના સંશોધન અને સંપાદનને લગતું અતિગંભીર કાર્ય પૂજ્યપાદ મહારાજ **શ્રી પુણ્યવિજયજી**ની દેખરેખ અને સાન્નિધ્યથી વયોવૃદ્ધ ચિરદીક્ષિત શાંતમૂર્તિ તપસ્વી આચાર્યપ્રવર શ્રી **૧૦૦૮ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય મુનિવર્ય **શ્રી ભુવન**વિજયજીના વિદ્વાન્ શિષ્ય **મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ** કરી રહ્યા છે.


ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

467

આ સભાના માનવંતા પેટ્રન સાહેબઃ—



શેઠશ્રી કેશવલાલભાઈ લલ્લુભાઈ-અમદાવાદ

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન નરરત્ન શેઠશ્રી કેશવલાલભાઇ લલ્લુભાઇ

## અમદાવાદ.

રળીયામણી ગુજરાતનું પાટનગર અમદાવાદ જેને રાજનગર પણ કહેવામાં આવે છે. જ્યાં જૈન દર્શનના મહાન ત્યાગી અને વિદ્વાન આચાર્યો ભૂતકાળમાં થઇ ગયા છે, હાલ પણ વિદ્યમાન છે. અને નિરંતર તેવા મહાન્ પુરૂષોના આવાગમનવડે ઉપદેશદ્વારા જ્યાં જૈન સમાજમાં ધાર્મિક સંસ્કાર અસ્ખલિતપણે વહે છે, જ્યાં અનેક સુંદર જિનાલયોવડે જે જૈનપુરી ગણાય છે. શ્રીમંતો, ઉદ્યોગપતિઓ, સાક્ષરો, સાહિત્યકારો, કેલવણી સંસ્થાઓવડે સરસ્વતી–લક્ષ્મીના સંગમવડે ભારતવર્ષમાં તે કેન્દ્ર નગર ગણાય છે. આ જૈનપુરી શહેરમાં વંશપરંપરાથી ચાલ્યા આવતા ધાર્મિક સંસ્કાર અને દેવ, ગુરુધર્મની ઉપાસનાવડે સુપ્રસિદ્ધ વીશા ઓશવાલ જ્ઞાતિમાં અગ્ર ગણાતા ઝવેરી લલ્લુભાઇ રાયજીભાઇને ત્યાં શેઠ **કેશવલાલભાઇ**નો જન્મ સંવત ૧૯૪૪ ના માહ સુદી ૧૫ ના રોજ થયો હતો.

રા. શ્રી કેશવલાલભાઈએ બાળવયમાં કેલવણી લીધા બાદ પિતાશ્રી લલ્લુભાઇ સાથે વ્યાપારી લાઈનમાં જોડાયા. સદ્ગત લલ્લુભાઇ શેઠ કેલવણીપ્રિય હતા અને અમદાવાદ અને તેની આસપાસ વસતા જૈન કુટુંબના બાળકો ઉચ્ચ કેલવણી કેમ પ્રાપ્ત કરી શકે તેને ઉત્તેજન આપવા ગુજરાતના આ પાટનગર શહેરમાં પિતાની સાથે રહી શ્રી કેશવલાલભાઇએ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનું અમદાવાદમાં પોતાના ખર્ચે આદ્ય સ્થાપન કર્યું જે આખા ગુજરાતમાં પહેલ કરવાનું માન તેઓએ પ્રાપ્ત કર્યું હતું.

શેઠ કેશવલાલભાઇનો મૂળ વ્યાપાર ઝવેરીનો છે, તેમજ જીતેંદ્ર મીલના પ્રમુખ, તથા રૂસ્તમ જહાંગીર મીલના ડીરેકટર હોવાથી ઉદ્યોગપતિ પણ ગણાય છે. શેઠ કેશવલાલભાઇ કેલવણીપ્રિય હોવાથી આત્મકલ્યાણ માટે પોતાની સુકૃતની લક્ષ્મીનો જૈન બોર્ડીંગ, તેમજ શ્રી જૈન વીશા ઓસવાલ કલબનાં પ્રમુખ હોવાથી તે કલબનાં આશ્રય નીચે ચાલતી હોસ્પીટલ, પ્રસૂતિગૃહ, ઉદ્યોગાલય અને પોતાની જ્ઞાતિના બાલક, બાલિકાઓને સ્કુલ, કોલેજ ફ્રી તથા ભણવાની બુકો પુરતા પ્રમાણમાં આપી લક્ષ્મીનો સદ્વ્યય કરે છે. જીવદયા પ્રતિ પ્રેમ હોવાથી ત્યાંની પાંજરાપોળનો પણ વ્યવસ્થિત વહીવટ કરે છે. ઝવેરાતના ધંધામાં તેઓશ્રી નિષ્ણાત હોવાથી તેના એસોસીએશનના પ્રમુખ છે. તે સાથે બીજી અનેક સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટી છે. શેઠ કેશવલાલભાઇ બાહોશ વ્યાપારી, જૈન ખાનદાન કુટુંબના નબીરા સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ, ઝવેરી અને ધર્મશ્રદ્ધાળુ હોવાથી હિંદની તીર્થરક્ષક શેઠ આણંદજી કલ્યાણજીની સુપ્રસિદ્ધ પેઢીના પણ સ્થાનિક પ્રતિનિધિ છે.

શેઠ કેશવલાલભાઇ જેવા ઉદાર, સેવાભાવી, પુણ્યપ્રભાવક, શ્રીમંત જૈન નરરત્ન આ સભાના માનવંતા પેટ્રન થતાં તે સભાનો ગૌરવનો વિષય હોઇ સભાની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે. શ્રીયુત્ કેશવલાલભાઇ દીર્ઘાયુ થઇ સુખશાંતિ ભોગવે અને વધતી જતી ધર્મશ્રદ્ધાવડે ઉદારતાપૂર્વક અનેક સેવાના કાર્યો કરી આત્મકલ્યાણ સાધે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૩. | વૈશાખ | પુસ્તક ૪૪ મું. |
| વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ એપ્રીલ :: | અંક ૧૦ મો. |

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

[ સખિ પનઘટ પર નંદરે કિશોર, માખણચોર—એ રાહ. ]

સુખકર દુઃખહર વીર રે જિણંદ ! મંગલકંદ !
મારા હૈયાના હાર ત્રિશલાનંદ ! શારદચંદ !

સાચા દેવાધિદેવ છો જગતમાં તમે,
દેખી નયનોને નેહથી નાચવું ગમે;
સાચા તારક છો નયનાનંદ !
સુખકર ! દુઃખહર ! ( ૧ )

આજ તન મનમાં ભક્તિનો જામ્યો છે રંગ,
આજ લીધા દરશનકેરા લ્હાવા અભંગ;
રંગે ઉભરાયે અંગે ઉમંગ. મંગલકંદ !
સુખકર ! દુઃખહર ! ( ૨ )

વીર સુરતરુ આંગણીયે ઊગ્યો મહંત,
જેથી પામ્યો ભવદવના તાપોકેરો અંત;
**નેમિ-લાવણ્ય-દક્ષ** વદંત. મંગલકંદ !
સુખકર ! દુઃખહર ! ( ૩ )

રચયિતા—**મુનિરાજશ્રી દક્ષવિજયજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

卐

# મંદિરીયે ચાલો જિણંદના.

( ગરબો )

( તર્જ-લાખ લાખ દીવડાની આરતી ઉતારજો. )

લાખ લાખ હૈયામાં ભાવના જગાવજો,
ભક્તિને ઝૂલે ઝુલાય; મંદિરીયે ચાલો જિણંદના
લાખ લાખ જ્યોતિનાં ઝુમખાં નીહાલજો.
લાખ લાખ અંધાર જાય; મંદિરીયે ચાલો જિણંદના.
ધીમે ધીમે વાયે વાયરાઓ કાલના,
દરશનથી તૂટશે સાંધા જંજાલનાં;
લાખ લાખ કર્મો કપાય, મંદિરીયે ચાલો જિણંદના.
ચાલો ચાલો પ્રભુજીને રીઝાવજો,
હૈયા **યશોભદ્ર** નિર્મલ બનાવજો;
લાખેણું જીવન જીવાય, મંદિરીયે ચાલો જિણંદના.

રચયિતા—**મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી.**

卐 卐

# મનોવેગ.

( પદ )

ગીતામાં ગાયું છે ગોપાળ,
આ મન મર્કટ સમ છે જાણો, કો નહિ રોકનહાર...ગીતામાં.
કૃષ્ણ સખા અર્જુનના જેવા, શૂરા ક્ષત્રિય બાળ;
તે પણ હારી વદે દીનવાણી, પ્રભુજી લે સંભાળ...ગીતામાં.
વાયુ વેગ મહા વૃક્ષોને, નિર્મૂળ કરી દેનાર;
તેનો રોકનહાર મળે :મન-વેગ ન રોકાનાર...ગીતામાં.
દેહ દમી મહાકષ્ટો વેઠી મોટા મુનિવર સાર;
પણ મનની ગતિ રોકન કાજે, હાર્યા હામ ગમાર...ગીતામાં.
મન ભૂલાવે મન ડોલાવે, દારૂણ દુઃખ દે સાર;
પણ બુદ્ધિથી નિગ્રહ કરતો, નિજાનંદ દેનાર...ગીતામાં.
બંધ મોક્ષનું કારણ મન છે, સ્વર્ગ નર્કની ખાણ;
પ્રભુકૃપાએ બંધ કાપી, દે મોક્ષ સ્વર્ગ સુખ લ્હાણ...ગીતામાં.

રચયિતા—**ગોવિંદલાલ કકલદાસ પરીખ.** મુઃ **કડી** (ઉ. ગુ.)

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય

# બત્તીસાબત્તીસી (દ્વાત્રિંશદ્વાત્રિંશિકા–બત્રીશ બત્રીશીઓ)

લે૦–આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

( ગતાંક પૃ૪ ૧૫૩ થી શરૂ )

પૂજ્યશ્રી દિવાકરજી મહારાજે બત્રીશ બત્રીશીઓ રચી હતી. તેમાંની હાલ ૨૧ મળી શકે છે. તેમાં ન્યાયાવતાર ગણતાં ૨૨ બત્રીશીઓ હાલ લભ્ય છે. દરેક બત્રીશીના બત્રીશ બત્રીશ શ્લોકો ગણતાં બાવીશે બત્રીશીઓના શ્લોકો કુલ ૭૦૪ થવા જોઇએ પણ ૨૧ મી બત્રીશીના શ્લોકો ૩૩ છે, ને આઠમી, અગીઆરમી, પંદરમી અને ઓગણીશમી બત્રીશીઓમાં પૂરેપૂરા બત્રીશ પદ્યો નથી પણ ઓછા છે. તેથી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ બત્રીશીઓના કુલ શ્લોકો ૬૯૫ થાય છે. સંભવ છે કે બત્રીસીઓની રચના થયા બાદ કોઇ કારણથી તેમ બન્યું હોય. આ બત્રીશીઓની બાબતમાં કેટલાએક વિદ્વાનો જણાવે છે કે–" કેટલીએક બત્રીશીઓની રચના દીક્ષા લીધા પહેલાં પણ કર્ત્તા શ્રી દિવાકરજીએ કરી હોય, ને બાકીની બત્રીશીઓની રચના સાધુ અવસ્થામાં કરી હોય, ને પાછળથી તેમણે અથવા બીજા કોઇએ તે સર્વેનો સંગ્રહ કર્યો હોય. એમ સંભવે છે." આ બત્રીશીઓની પ્રતોમાં અશુદ્ધિ વધારે હોવાથી કેટલેક સ્થળે અર્થ સમજાતો નથી. પ્રમાણ શાસ્ત્રની મજબૂત સંકલના કરનાર–પૂજ્ય શ્રી દિવાકરજી મહારાજે આ બત્રીશીઓમાં સાંખ્યાદિ વિવિધ દર્શનના ગૂઢ અને ગંભીર વિચારો જુદા જુદા પ્રસંગે જણાવ્યા છે. ભલભલા વિદ્વાનો પણ તે તે વિચારોનું રહસ્ય યથાર્થ સ્વરૂપે સમજવામાં નિષ્ફળ નિવડે એવી બીના પણ કેટલીક અહીં જણાવી છે એમ બત્રીશીઓ જોતાં જણાય છે. આવી અર્થજ્ઞાનની મુશ્કેલી વગેરે કારણને લઇને તે બત્રીશીઓની ઉપર કોઇ પણ વિદ્વાને વૃત્તિ આદિની રચના ન કરી હોય, એમ સંભવે છે. કદાચ કરી હોય તો પણ હાલ તે મળી શકતી નથી. કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે બનાવેલી અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા અને તેની ઉપર શ્રીમલ્લિષેણસૂરિ મહારાજે બનાવેલી સ્યાદ્વાદમંજરી ટીકાનું રહસ્ય વિચારતાં જરૂર જણાય છે કે દિવાકરજી મહારાજની આ કૃતિની રચના તરફ લક્ષ્ય રાખીને જ કલિકાલસર્વજ્ઞ ભગવંતે તેની ( અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાની ) રચના કરી છે. તેઓશ્રીએ પહેલી દ્વાત્રિંશિકાની શરૂઆતમાં જ જણાવ્યું છે કે—

**क्व सिद्धसेनस्तुतयो महार्था ।**
**अशिक्षितालापकला क्व चैषा ॥**

અર્થ—સિદ્ધસેનદિવાકરજી મહારાજે બનાવેલી વિશાલ અર્થોવાળી સ્તુતિઓ કયાં ? અને અશિક્ષિત મનુષ્યના વચન જેવી મારી આ રચના કયાં ? એટલે સિદ્ધસેનદિવાકરજીએ બનાવેલી સ્તુતિ અર્થવાળી બત્રીશીઓ ગૂઢ ગંભીર અર્થવાળી છે, તેવી મારી આ કૃતિ નથી. આથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આચાર્યશ્રીએ દિવાકરજી ઉપરનો પોતાનો ભક્તિરાગ વ્યકત કર્યો અને સ્વલઘુતા જણાવી. સિદ્ધહેમશબ્દાનુશાસનમાં પણ તેમણે '**अनुसिद्धसेनं कवयः**' એટલે કવિવર્ગમાં સિદ્ધસેન દિવાકરજી સૌથી શ્રેષ્ઠ છે. આથી પણ સમજાય છે કે આચાર્ય મહારાજશ્રી હેમચંદ્રસૂરિજી દિવાકરજીની કૃતિઓ તરફ બહુ જ બહુમાન ધરાવતા હતા.

પૂજ્ય શ્રી દિવાકરજી મહારાજે બત્રીશ દ્વાત્રિંશિકાઓમાંની કેટલીક દ્વાત્રિંશિકાઓમાં ત્રિશલાનંદન કાશ્યપગોત્રીય પ્રભુશ્રી મહાવીર પરમાત્માની વિવિધ પ્રકારે સ્તુતિ કરેલ હોવાથી પછીના આચાર્યોએ તેમને સ્તુતિકાર તરીકે પણ જણાવ્યા છે. એમ '**आह च स्तुतिकारः**' ઇત્યાદિ શ્રી હરિભદ્રસૂરિ, મલયગિરિજી આદિના વચનોથી જાણી શકાય છે. આ બત્રીશી વગેરે ગ્રંથો ઉપર શાંતિથી વિચાર કરતાં એ પણ જાણવાનું મળે છે કે–શ્રી દિવાકરજી મહારાજ સ્યાદ્વાદદર્શનાદિ સમગ્ર દાર્શનિક તત્ત્વોના અપૂર્વ યથાર્થ રહસ્યના જાણનારા, સ્પષ્ટ વક્તા અને પોતાના યુક્તિસંગત તાર્કિક વિચારોને નીડરપણે જાહેર કરનારા હતા. તેમજ મહાપ્રભાવશાલી પણ હતા. પંચવસ્તુમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે તેમને શ્રુતકેવલી વિશેષણ આપ્યું છે. (તે પાઠ અર્થ સાથે પહેલાં જણાવ્યો છે). દિવાકરજીની કૃતિઓ તરફ બહુમાન રાખનારા કેટલાએક વિદ્વાનો જણાવે છે કે—

દિવાકરજી મહારાજની આ કૃતિ ઉપલક દૃષ્ટિએ જોતાં સ્તુતિરૂપ છતાં પણ બહુ જ ગૂઢ અર્થને જણાવનારી છે. અને તેમની પાણીમાં તેલનાં ટીપાની જેમ સર્વ દર્શનવિચારાનુગામિની અપૂર્વ પ્રતિભાને સાબિત કરનારી છે.

## ॥ બાવીશ બત્રીશીઓનો ટૂંક પરિચય ॥

૧. દ્વાત્રિંશિકા–આ બત્રીશીમાં શરૂઆતમાં અઢી શ્લોકમાં શ્રી વર્ધમાનસ્વામીને વિશિષ્ટ વિશેષણોથી ઓળખાવવાપૂર્વક પ્રણામ કરી હું શ્રી વર્ધમાન પ્રભુની સ્તુતિ કરીશ, એમ જણાવી ચોથા શ્લોકમાં દિવાકરજી જણાવે છે કે–હું આપની સ્તુતિ કરું છું. તેમાં બીજા દેવ ઉપરની ઇર્ષ્યા કે કીર્ત્તિની લાલસા વગેરેમાંનું કોઇ પણ કારણ છે જ નહિ. પણ આપને ગુણજ્ઞ પુરુષો પૂજે છે, માટે મને આપની ઉપર આદરભાવ જાગ્યો છે. વગેરે બીના જણાવી છઠ્ઠા શ્લોકમાં કૂવાદિની પરિસ્થિતિ જણાવી તેવા વાદીઓને જોઇને કયો સમજુ માણસ તારા વિષે શિથિલ આદરભાવવાળો થાય ? અર્થાત્ કોઇ ન થાય. વગેરે પરવાદી આદિનું સ્વરૂપ જણાવી પંદરમા શ્લોકમાં જણાવે છે કે—

॥ उपजाति ॥

**अलब्धनिष्ठाः प्रसमिद्धचेतसः ।**
**तव प्रशिष्याः प्रथयन्ति यद्यशः ॥**
**न तावदप्येकसमूहसंहताः ।**
**प्रकाशयेयुः परवादिपार्थिवाः ॥ १ ॥**

હે પ્રભો ! અનેકાંતના યથાર્થ સ્વરૂપને જાણનારા, ખાસ કારણે અસમુદિત રૂપે વિચરનારા આપના શિષ્યો પરવાદીઓની સાથે વાદમાં ઊતરી એકાંત પક્ષનું ખંડન અને અનેકાંત તત્ત્વને સ્થાપન કરી જિનશાસનનો જે યશ ફેલાવે છે, તે (યશ) એકાંત પક્ષવાળા ઘણાં પરવાદીઓ સમૂહરૂપે એકઠા થઈને પણ ફેલાવી શકે નહિ. આ રીતે આ શ્લોકમાં શ્રી દિવાકરજી મહારાજે સ્યાદ્વાદના યથાર્થ રહસ્યને જાણનારા મહાપુરુષોનો પ્રભાવ જણાવવાદ્વારા અનેકાંતદર્શનનો પણ અલૌકિક પ્રભાવ જણાવ્યો. આગળ સત્તરમા શ્લોકમાં જણાવે છે કે–હે પ્રભો ! જેમ બીજાં દર્શનવાળા બૌદ્ધાદિના શિષ્યો સ્વપક્ષના કદાગ્રહને લઇને પોતાની મરજી પ્રમાણે બોલે છે, તેમ આપના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'વ્યાધિમીમાંસા'

લેખક:–**આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

સંસારમાં માનવી વ્યાધિથી બહુ જ બ્હીએ છે, કારણ કે વ્યાધિ મોતનો દૂત છે. તેને કાઢવાને માટે કંજુસમાં કંજુસ માણસ પણ પૈસા છૂટથી વાપરે છે. જેની પાસે પૈસા ન હોય તે દેવું કરીને પણ નીરોગી બનવા પ્રસાસ કરે છે. વ્યાધિ માનવીનાં રૂપ, બળ, સુંદરતા આદિનો નાશ કરીને કૃશ બનાવી દે છે, જેથી માનવી દીન–કંગાળ જેવો બની જાય છે અને મિથ્યાભિમાન ઓગળી જવાથી બીજાઓની પાસે દયાની યાચના કરે છે. વ્યાધિની અસહ્ય તીવ્ર વેદનાથી દુઃખી થતા દરદીને જોઇને કઠોર હૃદયવાળા શત્રુને પણ કાંઇક દયા આવી જાય છે અને પોતાનાથી બનતું કરે છે. સગાસંબંધી ન્યાતજાતના ભેદ ભૂલી જઇને રસ્તે જનાર માનવીનું હૃદય પણ વ્યાધિગ્રસ્તની સેવા કરવા આકર્ષાય છે.

વ્યાધિ એટલે અડધું મોત. જો વ્યાધિને અને પોતાને પરસ્પર સર્વથા સંબંધ ન હોય તો કોઇ પણ વ્યાધિથી બ્હીએ નહિં અને તેને કાઢવાની પૂરતી કાળજી પણ કોઇ રાખે નહિં;

---

શિષ્યો તેવા નથી, વગેરે બીના જણાવી, છવ્વીશમા શ્લોકમાં સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે–કર્ત્તાને માન્યા સિવાય કર્મસિદ્ધિ ન થાય, ને કર્મનાં ફલો જે કર્મને બાંધે, તે જ ભોગવી શકે છે, તે ફલના, કર્મની માફક, આઠ ભેદો છે. કર્મ, એ રૂપી અને પૌદ્ગલિક છે, તેને અનુસારે આઠ ભેદો ફલના ઘટે છે. આવી આવી બીના જણાવનાર આપના સિવાય બીજો કોઈ છે જ નહિ. અહીં જણાવેલી બીનાથી વિરુદ્ધ માન્યતાવાળા પરવાદીના વચનોનું ખંડન કરવાને માટે દિવાકરજીએ આ વસ્તુ સ્તુતિરૂપે જણાવી છે. તે જ પ્રમાણે ૨૯મા શ્લોકમાં નીડરપણે જાહેર કર્યું છે કે—હે પ્રભો! એકલું જ્ઞાન કે જ્ઞાન વિનાની કોરી ક્રિયા મોક્ષનું કારણ છે જ નહિ. આ રીતે હેતુયુક્તિપુરસ્સર પરવાદીના મતનું ખંડન કરતા એવા આપશ્રીએ મોક્ષને આપનારી તથા વિવિધ ક્લેશરૂપી દાવાનલને ઠારનારી, પથ્થરમાં જાણે ટાંકણાથી કોતરેલ ન હોય, તેવી અબાધ્ય પદ્ધતિ જણાવી છે. તે પદ્ધતિને એટલે "**ज्ञानक्रियाभ्यां मोक्षः, नाणकिरियाहिं मोक्खो, सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**" આ રહસ્યવાળા ટંકશાલી વચનને આપ સિવાય બીજો કોઇ પણ પરવાદી જણાવવા સમર્થ છે જ નહિ. તે પછી પોતાનો સચોટ અનુભવ ત્રીશમા શ્લોકમાં જણાવે છે કે–હે પ્રભો! અન્ય દર્શનીય શાસ્ત્રો અને યુક્તિઓમાં જે કાંઇ સારાં (સ્યાદ્વાદ) વચનોરૂપી સંપત્તિ જણાય છે તે આપના જ પૂર્વોરૂપી સમુદ્રમાંથી ઊછળેલાં બિંદુઓ છે, એમ હું શ્રદ્ધાપૂર્વક માનું છું. આ શ્લોકમાં દિવાકરજી મહારાજે અપૂર્વ તત્ત્વ એ પણ સમજાવ્યું કે–

શ્રી જિનવચનોના બળે જ પરવાદીઓ સ્વમતનો દેશથી પણ પ્રચાર કરી શકયા છે. તેમાં તેમણે જો કે શબ્દપરાવૃત્તિ જ કરી છે, પણ અર્થનો વિચાર કરતાં સ્યાદ્વાદી જરૂર જાણી શકે છે કે પરવાદીએ રૂપાંતરથી પણ સ્યાદ્વાદવચનનો જ આધાર લીધો છે વગેરે બીના જણાવી. છેવટે બત્રીશમા શ્લોકમાં દિવાકરજી જણાવે છે કે–હે પ્રભો! અમે પણ આપની જ ગુણકથા કરીએ છીએ, તેમાં અસાધારણ કારણ કયું છે? તે જણાવી આ બત્રીશી પૂરી કરી છે. અહીં ૩૧ શ્લોકો ઉપજાતિમાં, ને છેલ્લો શ્લોક શિખરિણીમાં છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ બંનેના સંબંધનો અનુભવ માનવી માત્રને હોય છે; કારણ કે વ્યાધિ આવ્યા પછી મોત સહેલાઇથી આવી શકે તેવી બધા ય પ્રકારની ગોઠવણ કરે છે. પ્રથમ તો જીવવાના નિમિત્તરૂપ અન્ન ઉપર અરૂચિ ઉત્પન્ન કરાવે છે એટલે દરદી અન્નનો અનાદર કરે છે, જેની અસર શારીરિક બળ ઉપર થાય છે. અર્થાત્ શરીર કૃશ બનીને નિર્બળતા આવી જાય છે અને સુખ-શાંતિ તો વ્યાધિનો પડછાયો પડ્યો કે તરત જ પલાયન કરી જાય છે. વ્યાધિની કનડગતથી દુઃખી થયેલો દરદી વ્યથિત હૃદયે ક્રોધકષાયનો આદર ક્વચિત્ કર્વાચત્ કરે છે, પણ ઇંદ્રિયોના વિષયોથી વિરામ પામી જાય છે, કોઈ પણ વિષયની શાંતિ કે આનંદ મેળવી શકતા નથી. જે રોગી નીરોગી અવસ્થામાં પ્રભુની અવગણના કરતો હતો તે હવે વ્યાધિગ્રસ્ત થયા પછી પ્રભુની સ્તુતિ તથા સ્મરણ કરીને વ્યાધિથી છોડાવવાને આજીજી કરે છે, દેવ-દેવીઓનો આશરો શોધે છે, અને વૈદ્યની મરજી પ્રમાણે વર્તવા પૂરતું લક્ષ આપે છે. આત્મશ્રેય માટે પ્રભુએ બતાવેલા ભક્ષ્યાભક્ષ્ય વિવેકનો તથા યમનિયમનો અનાદર કરતો હતો તે હવે વ્યાધિથી મૂકાવાને વૈદ્યે બતાવેલા ભક્ષ્યાભક્ષ્ય તરફ પૂરતું લક્ષ આપે છે, લાંઘણો કરવાનો કે દુર્વ્યસનો છોડવાનો તથા મહિનાઓ સુધી છાસ-પાણી ઉપર રહેવાનો વૈદ્યનો આદેશ સ્વીકારે છે.

એમ તો બધા ય જાણે છે અને માને છે છે કે જે જન્મ્યો તે જરૂર મરવાનો તો છે જ, તો પણ માનવી મોતથી બ્હીએ છે અને જીવવાને માટે બધો ય ભોગ આપવાને તૈયાર થઇ જાય છે; કારણ કે જડાસક્ત માનવીને એવી દૃઢ શ્રદ્ધા હોય છે કે ભોગોપભોગની જે કાંઈ વસ્તુઓ મળી છે તેવી મરી ગયા પછી પાછી મળવાની જ નથી; માટે જો મોત આવ્યું તો પછી બધું ય છોડીને જવું પડશે અને કષ્ટ વેઠીને ભેગી કરેલી ધન-સંપત્તિના ભોગવનાર બીજા થશે. આવા વિચારોથી જ માનવી મોતથી બ્હીએ છે અને વ્યાધિ આવે છે કે તરત જ તેને કોઇપણ હિસાબે કાઢવાની કાળજી રાખે છે અને વૈદ્ય-ડૉકટરોને બોલાવીને વ્યાધિને કાઢવાને માટે મોંમાંગ્યા પૈસા આપે છે; કારણ કે પુદ્દગલાનંદી જીવ માને છે કે વૈદ્ય-ડૉકટરોના ઉપચારોથી વ્યાધિ મટી જાય છે. કદાચ વૈદ્ય કહી દે કે ફિકર કરશો નહિં, તમારો વ્યાધિ ચાલ્યો જશે અને તમે મરવાના નથી તો પછી દરદી વૈદ્યના વચનનો સર્વજ્ઞના વચનથી પણ વધારે આદર કરે છે, પોતે શ્રદ્ધાપૂર્વક માની લે છે કે હું મરીશ નહિં. પ્રભુ કહે છે કે-જડાસક્તિથી કોઈપણ જીવને મારશો નહિં તો તમે પણ મરશો નહિં, કોઈપણ આત્માને દુઃખ-ભય-ત્રાસ આદિ આપશો નહિં તો તમે પણ અનેક પ્રકારના વ્યાધિ આદિથી દુઃખ-ત્રાસ કે ભય પામશો નહિં, દુઃખસ્વરૂપ ક્ષણિક સુખ માટે અનંતાકાળે પણ અંત ન આવે એવા જન્મ-જરા-મરણના અગાધ દરિયામાં ડૂબી મરશો નહિં. વિગેરે આવા પ્રકારના સર્વજ્ઞપ્રભુના વચનો ઉપર અશ્રદ્ધા રાખીને વિષયાસક્ત જીવ ગણકારતા નથી પણ અજ્ઞાની વ્યાધિયોના દેણદાર અને મોતના તાબેદાર વૈદ્ય-ડૉકટરોના વચનોને શ્રદ્ધાપૂર્વક આદરે છે માટે જ તેઓ માયા સુખના તથા પોતાના જ આત્માના સાચા શત્રુ કહી શકાય, કારણ કે જે પ્રભુના વચનની અવજ્ઞા કરે છે, તે પ્રભુની અવજ્ઞા કરે છે, અને પ્રભુની અવજ્ઞા કરનાર જ આત્માનો સાચો શત્રુ છે. બાકી તો સંસારમાં આત્માનો બીજો કોઈ પણ શત્રુ નથી. અને જે બીજાને શત્રુ માને છે તે વીતરાગ પ્રભુના માર્ગનો ભોમિયો જ નથી.

લાખોની સંપત્તિવાળા કે જેમણે ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે પાદ્‌ગલિક સુખના સાધન મેળવી શક્યાં હોય છે, તેઓ પોતાને ભૂલી જઈને અત્યંત આસક્તિથી વૈષયિક સુખો ભોગવે છે અને પોતાને પરમ સુખી માને છે. વૈષયિક સુખમાં અંતરાય-વિઘ્ન નાખનારા ધર્મ તથા નીતિના ઉપર તેમને અત્યંત તિરસ્કાર હોય છે. ઇચ્છા-મુક્ત કે ઇચ્છામુકત જેમની પાસે સુખના સાધન હોતા નથી પણ માત્ર જીવવાના સાધનની સાચી સંપત્તિ કે મિથ્યા સંપત્તિ મેળવવા જીવન વ્યતીત કરી રહ્યા હોય છે તેમને પરમ દુઃખી અને પોતાને સર્વ પ્રકારે સુખી માની મિથ્યાભિમાનના નશામાં ભાવી વિપત્તિને ભાળતા નથી. પણ જ્યારે આસક્તિભાવનો સહોદર વ્યાધિ આવીને ઊભો રહે છે કે તરત જ પરમ સુખ વિલય પામી જાય છે અને સાદા જીવનમાં જીવનાર માનવી જેટલો સુખી હોય છે તેનાથી લાખગણું દુઃખ અનુભવે છે; કારણ કે સાધારણ માનવી ભલે વ્યાધિગ્રસ્ત હોય તોયે તેને ઘણા વખત પછી મોત સાંભરે છે અને વ્યાધિ મટી જવાની આશાના આશરે સાધારણ ઉપાયોથી વૈદ્ય-ડૉકટરોની સહાયતા વગર પણ વ્યાધિથી મુકાઇ જાય છે. તેમ છતાં કદાચ મોત તેડવા આવે તો ખુશીથી તેની સાથે જવા તૈયાર થઇ જાય છે; કારણ કે તેને પોતાની ધન-સંપત્તિના માલીક બીજા બનશે કે બાગ-બંગલા આદિ સુખના સાધન મેળવ્યાં છે તે મરી ગયા પછી પાછાં મળવાનાં નથી, એવું કશુંય મનમાં આવતું નથી તેમજ કાંઇ પણ સંપત્તિ પાછળ છોડી જવાને માટે હોતી નથી. એટલે ઘણી જ ખુશીથી મોતની સાથે વિદાય થઈ જાય છે, પણ પૌદ્‌ગલિક સુખનાં સાધન બાગ-બંગલા-મોટર આદિ સામગ્રીવાળો માનવી તો મેળવેલા ભોગોને ભોગવવાને માટે મોતને નોતરનાર અને સુખ ભોગવવામાં વિઘ્ન નાંખનાર વ્યાધિને કાઢવા ઘણો જ આતુર હોય છે, એટલે સારામાં સારા વૈદ્યો ડૉકટરોનો આશ્રિત બને છે, કારણ કે શ્રીમંતને વ્યાધિ થયો કે તરત જ મોતના ઓળા દેખાવા માંડે છે. અને તેને વિચારો જ એવા આવે છે કે મેળવેલા ભોગોને નિરંતર ભોગવવા ઘણું જીવાય તો ઠીક, કદાચ સુખના સાધન ધન-સંપત્તિ નાશ પામી જાય તો પણ સ્વપ્નના ભોગની જેમ અસંતોષી હોવાથી પાછી ધન-સંપત્તિ મેળવવાની ધૂનમાં મરવું પસંદ કરતો નથી છતાં છેવટે મૃત્યુ આવીને અધોગતિના મહાસાગરમાં હડસેલી મૂકે છે.

અનાદિકાળનો અજ્ઞાની જીવ નથી સમજતો વ્યાધિને કે નથી સમજતો સુખને, તેમજ નથી સમજતો સંપત્તિને કે નથી સમજતો વિપત્તિને અને મોહની શિખવણીથી સાચાને જૂઠું અને જૂઠાને સાચું માનીને ભવઅટવીમાં ભમ્યા કરે છે, વ્યાધિ એટલે અસાતાવેદનીનો ઉદય, અને તે કર્મસ્વરૂપ છે. તેનો ક્ષય થયા વગર વ્યાધિ મટી શકતો નથી. બાહ્યના ઉપચારો અસાતા ક્ષય ન થાય ત્યાંસુધી કામ આવી શકતા નથી અને વૈદ્ય-ડૉકટરો વ્યાધિ મટાડી શકતા નથી, કારણ કે જે પોતાનો જ વ્યાધિ મટાડી શકે નહિં તે બીજાનો કેવી રીતે મટાડી શકે? જેટલા પ્રમાણમાં અસાતા ઉદયમાં આવી હોય તેનો રસ તથા સ્થિતિ ભોગવાઇ રહ્યા પછી પોતાની મેળે જ વ્યાધિ મટી જાય છે. દવાઓને વ્યાધિ મટાડવામાં જે નિમિત્ત માનવામાં આવે છે તે લૌકિક દૃષ્ટિએ વ્યવહાર પૂરતું છે. જો વ્યાધિ મટાડવાની શક્તિ દવામાં હોય તો દિવસો અને મહિનાઓ કેમ વીતી જાય છે, દવા લીધી કે તરત જ કેમ નથી મટી જતું? અને જો દવાઓથી વ્યાધિનો સર્વથા નાશ થઇ જતો હોય તો પાછો કદીયે વ્યાધિ થવો જોઇએ નહિ, પણ માનવીને ઘણી વખત વ્યાધિ આવે છે ને જાય છે તેનો પ્રત્યક્ષ અનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ થાય છે. પણ ગરીબ માણસો પૈસાના અભાવથી તથા પશુ-પક્ષીઓ દવા નથી કરતા તોયે તેમનો વ્યાધિ મટી જાય છે, માટે દવાથી વ્યાધિ મટે છે કે વૈદ્યો મટાડે છે એ જે કહેવાય છે તે સાત્ત્વિક સત્ય નથી, પણ અસાતાની સ્થિતિ પૂરી થવાથી કે અસાતાવેદની ક્ષય થવાથી વ્યાધિ મટી જાય છે તે સાત્વિક સત્ય છે.

અનાદિકાળથી જ જીવ તથા કર્મનો સંબંધ છે. બંને પરસ્પર ઓતપ્રોત થઇને રહેલા છે અલ્પજ્ઞ જીવોને કર્મના કાર્યની જેમ જીવનું જ્ઞાન નથી તોયે અનુમાનથી જીવને જાણી શકે છે. જીવની સાથે જોડાયલાં કર્મ અનેક પ્રકૃતિવાળાં હોવાથી જ્ઞાનાવરણીય આદિ આઠ સંજ્ઞાઓ રાખી છે, તેમાં વેદનીય સંજ્ઞાવાળું પણ એક કર્મ છે અને તે સુખ તથા દુઃખ એમ બે પ્રકારે અનુભવાતું હોવાથી સાતા અને અસાતા નામથી ઓળખાય છે. જ્યારે જીવ સુખ ભોગવતો હોય ત્યારે સાતાવેદની અને દુઃખ ભોગવતો હોય ત્યારે અસાતાવેદનીનો ઉદય કહેવાય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીએ તો અનાદિકાળથી જીવો અસાતા જ ભોગવતા આવ્યા છે તે જ્યારે મુક્ત બનશે ત્યારે અસાતાથી મુકાઇ જશે અને જે મુક્તિના અનધિકારી ( અભવ્ય ) છે તેઓ તો અસાતાથી મુકાવાના જ નથી માટે ભવ્ય જીવે ભોગવેલી સાતા અસાતાને સરખાવીને સાતા કરતાં અસાતા અનંતાનંતગણી વધી જશે, કારણ કે અદૃશ્ય જગત કે જે જીવોની ખાણ ( નિગોદ ) કહેવાય છે તેમાં રહેલા જીવો અનાદિકાળથી જ અસાતા-દુઃખ ભોગવી રહ્યા છે. જેમાં એક શ્વાસોશ્વાસ લઈએ તેટલામાં સત્તર વખતથી કાંઇક અધિક જન્મ-મરણ કરે છે. એટલે તેઓ અનાદિકાળથી ત્યાં રહેલા હોવાથી પરમ દુઃખ ભોગવે છે કે ત્યાં સુખનો અંશ પણ નથી-આપણને વિચાર કરતાં એમજ લાગે કે જાણે અનાદિકાળથી એક અસાતાસ્વરૂપ જ વેદની કર્મ હશે. જ્યારે જીવ અદૃશ્ય જગતમાંથી નીકળીને દૃશ્ય જગતમાં આવે છે ત્યારે સાતાવેદનીનો અનુભવ કરે છે. તેમાં પણ જ્યારે દેવલોકમાં જાય છે ત્યારે કાંઇક વધુ પ્રમાણમાં સુખ-સાતા ભોગવે છે. બાકી તો નરકમાં કેવળ દુઃખ જ ભોગવે છે, અને મનુષ્ય તથા પશુ પક્ષી વિગેરે તિર્યંચોમાં તપાસીએ તો સાતા કરતાં અસાતા વધી જાય છે. ગમે તેટલા પૌદ્ગલિક સુખના સાધનવાળો માણસ કેમ ન હોય તે તેના જીવનનો મોટો ભાગ આધિ-વ્યાધિથી ઘેરાયલો હોવાથી અસાતા-દુઃખનું પ્રમાણ અત્યંત વધી જાય છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો આત્મસ્વરૂપનું સાચું સુખ તો સમ્યગ્જ્ઞાનપૂર્વક દેશથી કે સર્વથી મુક્ત થયેલા આત્માઓ જ ભોગવી રહ્યા છે. બાકી તો પુન્ય કર્મજન્ય સાતા ભોગવે છે, અને તે પણ ઘણા જ થોડા પ્રમાણમાં; કારણ કે જ્યાંસુધી જડાસક્તિ હોય છે ત્યાંસુધી જીવ અસાતાવેદની બાંધે છે અને તેના ઉદયથી દુઃખ ભોગવવું પડે છે. કદાચ ધર્મ નિમિત્તે જપ-તપ આદિ કષ્ટાનુષ્ઠાન કરે તોયે પુદ્ગલાનંદી હોવાથી ઘણી જ થોડી સાતાવેદની બાંધે છે જે જીવો લોકોત્તર પુન્યજન્ય સુખ ભોગવે છે તે સમ્યગ્ જ્ઞાનથી જડાસક્તિ ટળી ગયા પછી જપ-તપ-સંયમ આદિ દ્વારા બાંધેલી સાતાવેદનીનું પરિણામ છે. માનવી દુઃખસ્વરૂપ પૌદ્ગલિક સુખ ભોગવવાની લાલસાથી બીજા જીવોને ત્રાસ-ભય-દુઃખ તથા મરણાંત કષ્ટ આપીને કે મારીને અસાતાવેદનીય કર્મ બાંધે છે અને તેથી ભોગવેલા કૃત્રિમ સુખનું પરિણામ આધિ-વ્યાધિ તથા જન્મ-મરણના રૂપમાં આવે છે. અસાતાવેદની અને અલ્પ આયુષ્યના કારણભૂત જીવોનું છેદન-ભેદન-દહન કર્યા સિવાય કે ત્રાસ-ભય તથા દુઃખ આપ્યા સિવાય માનવી પૌદ્ગલિક સુખ ભોગવી શકતો જ નથી. અર્થાત્ અજ્ઞાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોએ માનેલું બનાવટી વૈષયિક સુખ ભોગવવાને પૂર્વોક્ત પ્રકારે જીવોની વિરાધના-હિંસા અવશ્ય કરવી જ પડે છે. પૌદ્ગલિક સુખ અને અહિંસા સાથે રહી શકતાં જ નથી અથવા તો આસક્તિ અને દયાનો મેળ મળી શકતો નથી. સંસારમાં કોઇ પણ જડાસક્ત જીવ બીજા જીવોને માર્યા વગર વૈષયિક સુખ ભોગવી શકતો જ નથી. અને દુઃખસ્વરૂપ ક્ષણિક સુખ માટે બીજા જીવોને દુઃખ આપવું તથા મારવું તે વ્યાધિ તથા મૃત્યુનું પોષક છે. જ્યાં સુધી બીજા જીવોને મારીને સુખ ભોગવવાની, વ્યાધિ મટાડવાની કે જીવવાની ભાવના છે અથવા તો સુખ-આરોગ્યતા તથા જીવન મેળવવાની શ્રદ્ધા છે ત્યાં સુધી કોઇ પણ જીવ આધિ, વ્યાધિ તથા મરણમાંથી મુકાતો નથી. તેમજ વૈદ્ય-ડૉક્ટરો પણ દવાના ઉપચારથી મુક્ત કરી શકતા નથી; માટે વ્યાધિથી મુકાવું હોય, સુખ જોઇતું હોય અને જીવવું હોય તો સાચા સુખને સમજીને જડાસક્તિથી વિરામ પામી જાઓ અને કોઈ પણ જીવનું છેદન-ભેદન અને દહન ન કરો તથા દુઃખ, ત્રાસ, ભય અને મરણથી મુકાઇ જાઓ અને દૃઢ શ્રદ્ધા રાખો કે કોઇ પણ જીવને દુઃખ આપવાથી સુખ મળી શકતું જ નથી એટલે તમે પણ દુઃખોમાંથી મુકાઇ જશો. પરિણામે જન્મ-જરા-મરણના ભયથી છૂટી જઇને શાશ્વતી સુખશાંતિ મેળવી શકશો.

વિષયાસક્ત માનવી અજ્ઞાનતાથી એમ માની લે કે-સુંદર સ્ત્રી, મકાન, વસ્ત્ર, ઘરેણા આદિ જડાત્મક વસ્તુઓ જોઇને આનંદિત થવાથી, સારાં પુષ્પ આદિની સુગંધીથી પ્રસન્ન થવાથી, સારું ગાયન સાંભળી ખૂબ ખુશી થવાથી, કેવળ વસ્તુના સ્પર્શથી આહ્લાદિત થવાથી અને મધુર આદિ રસથી શાંતિ અનુભવવાથી જીવની વિરાધના-હિંસા થતી નથી અર્થાત્ કોઇ પણ જીવને ભય-ત્રાસ-દુઃખ આપવામાં આવતું નથી તેમજ કોઇ પણ જીવને મારવામાં આવતો નથી માટે પૈદ્ગલિક સુખ ભોગવવામાં જીવોને અવશ્ય દુઃખ આપવું પડે છે કે મારવા પડે છે એવો નિયમ નથી. જીવની હિંસા વગર પૌદ્ગલિક સુખ ભોગવી શકાય છે, પણ આવી માન્યતા ભૂલભરેલી છે. જો કે દેખીતી રીતે તો પૂર્વોક્ત વૈષયિક સુખમાં હિંસા જણાતી નથી પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીએ તો જીવહિંસા વગર પૌદ્ગલિક સુખ ભોગવી શકાતું નથી, કારણ કે હિંસા બે પ્રકારની છે. એક તો પોતાના જ આત્માની અને બીજી પર જીવોની. સારા અનુકૂળ આંખના વિષયથી, કાનના, નાકના, જીભના અને સ્પર્શના અનુકૂળ વિષયથી આનંદ-સુખ અને પ્રતિકૂળ વિષયથી અણગમો-દુઃખ મનાય છે તે રાગ-દ્વેષનું પરિણામ છે. અને તે રાગ-દ્વેષ મોહનીય કર્મનું અંગ હોવાથી જીવને પુષ્કળ કર્મ બાંધવામાં નિમિત્ત બને છે. જેને લઇને જીવને અનંતા જન્મ-મરણ કરવાં પડે છે, જેથી કરીને જીવને આત્મહિંસા લાગે છે, કારણ કે વિષયાસક્તિથી જીવ પોતાના જ આત્માના મરણ વધારે છે અને તે જેટલાં મરણ કરે તેટલાં જીવોને મારવાની તેને હિંસા લાગે છે. જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ પણ સાથે જ રહેલો છે. પ્રતિકૂળ વિષયમાં દ્વેષ હોય છે તો અનુકૂળ વિષયમાં રાગ હોય છે. ઇંદ્રિયોના વિષયોમાં જેટલો રાગ વધારે તેટલી જ આસક્તિ પણ વધારે જ હોય છે અને જેટલી આસક્તિ વધારે હોય છે તેટલી જ અસાતાવેદની તથા મરણનું પ્રમાણ પણ વધારે જ હોય છે, કારણ કે પુદ્ગલાનંદી જીવ પુદ્ગલોનો ભોગોપભોગ કર્યા વગર સુખ કે આનંદ માની શકતો નથી. અને તે પુદ્ગલો એક ઇંદ્રિયથી લઇને પંચેંદ્રિય સુધી તિર્યંચોના તથા મનુષ્યના દેહરૂપ હોય છે. વૈષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યિક સુખ પોષવાને તિર્યંચોના શરીરની ઘણી જ જરૂરત પડે છે, ફક્ત સ્પર્શેન્દ્રિયનો વિષય એવો છે કે જેમાં મનુષ્ય દેહની પણ જરૂરત રહે છે. આંખ, નાક, કાન અને જીભના વિષય માટે મુખ્યત્વે કરીને તો તિર્યંચોના દેહની આવશ્યકતા હોય માટે મનુષ્યો તિર્યંચોના શરીર મેળવવાને તેમની હિંસા કરે છે; કારણ કે તેમને માર્યા વગર તેમનાં શરીર ભોગોપભોગના કામમાં આવી શકતાં નથી. માનવીનાં શરીર સુંદરતા, લાવણ્યતા આદિ ચક્ષુ ઈંદ્રિયનાં ઉપભોગ માટે તથા વિષયોપભોગ સ્પર્શેન્દ્રિયનો વિષય પોષવાને માટે મનુષ્યને માર્યા વગર ઉપયોગમાં લેવાય છે, જે વિષયાસકિત પોષવામાં મનુષ્યદેહની જરૂરત પડે છે તેમાં સચેતન દેહ જ ઉપયોગમાં લઇ શકાય છે. પણ પશુ, પક્ષી આદિ તિર્યંચોની જેમ નિશ્ચેતન દેહ કામ આપી શકતો જ નથી. નિશ્ચેતન માનવીના દેહથી તો વિષયાસકિતની જાગૃતિ થતી નથી પણ વિષય વિરકિતની જાગૃતિ થાય છે; માટે માનવ દેહને છોડીને શેષ જીવોના દેહ માટે તેમને મારવા પડે છે. કદાચ મારવા ન પડતા હોય તો દુઃખ, ત્રાસ તથા મરણાંત કષ્ટ તો આપવું જ પડે છે. તે સિવાય તો વૈષયિક સુખ ભોગવી શકાતું જ નથી.

આ પ્રમાણે માનવી જડાસકિતથી વૈષયિક સુખને પોષવાને બીજા જીવોનું છેદન-ભેદન-દહન કરીને તથા મારીને અસાતા વેદની તથા અનેક મરણનો સંચય કરે છે. જ્યારે અસાતા વેદનીયનો ઉદય થાય છે ત્યારે જીવને જે અસહ્ય તીવ્ર દુઃખો ભોગવવાં પડે છે તેને વ્યાધિ કહેવામાં આવે છે. તે વખતે જે આયુષ્ય-જીવન ભોગવતો હોય તેનો ક્ષય થઇ જવાથી મરણ કહેવાય છે. એટલે કે અસાતાનો ઉદય તે વ્યાધિ અને તેનો ક્ષય તે આરોગ્યતા, ત્યારે આયુષ્ય કર્મનો ઉદય તે જીવન અને તેનો ક્ષય તે મરણ. આ પ્રમાણે વ્યાધિ અને મરણનું સ્વરૂપ જુદું હોવાથી માનવી અસાતા ઉદયનો ક્ષય ઇચ્છે છે ત્યારે આયુષ્ય કર્મના અક્ષયની ચાહના રાખે છે.

આ પ્રમાણે વ્યાધિ તથા મરણનો કર્મભેદે અરૂપ ભેદ હોવાથી વ્યાધિ, મરણના રૂપમાં પરિણમતું નથી પણ મરણનું નિમિત્તકારણ બની શકે છે, અને તેથી કરીને દરદીને મરણની આશંકા રહે છે. જો વ્યાધિથી અવશ્ય મરી જવાતું હોય તો કોઈ પણ દરદી દવાનો આશ્રય લે જ નહિં અને વૈદ્યને બોલાવે જ નહિં, પણ દવા લેવાથી કેટલાક દરદી સાજા થઇ જાય છે અને જીવે છે; કેટલાક ઘણા વખત સુધી રીબાય છે અને છેવટે સાજા થાય છે, ત્યારે કેટલાક ઘણીયે દવાઓ કરવા છતાં પણ મરી જાય છે; માટે જેમ નીરોગી બનવામાં દવા નિમિત્ત છે તેમ મરવામાં વ્યાધિ પણ એક નિમિત્ત છે. જેમ દવાથી બધાય દરદી સાજા થતા નથી તેમ વ્યાધિથી બધાય દરદી મરી જતા નથી, કારણ કે આયુષ્ય કર્મનો ઉદય ચાલુ હોય અને અસાતા વેદનીયનો ઉદય ક્ષય થઇ ગયો હોય તો દરદી મરતો નથી પણ સાજો થઇ જાય છે. જો અસાતાનો ઉદય ઘણા વખત સુધી રહેવાનો હોય અને આયુષ્યનો ઉદય તેનાથી પણ વધારે કાળનો હોય તો દરદી રીબાઇને છેવટે સાજો થઈ જાય છે અને જો અસાતાનો ઉદય લાંબો હોય અને આયુષ્યનો ઉદય ટૂંકો હોય તો આયુષ્ય કર્મ ક્ષય થવાથી દરદી મરી જાય છે. આયુષ્ય લાંબું હોય અને અસાતા ટૂંકી હોય તો દરદીને દવા લેવાથી આરામ થઇ જાય છે. કદાચ અસાતાવેદનીય લંબાય તો સારામાં સારો કહેવાતો વૈદ્ય કે સારામાં સારી કીમતી દવા કરો પણ ફાયદો કરી શકતી નથી. એટલે દરદી મુંઝાય છે અને અધીરાઈ આવવાથી વૈદ્યો અને દવાઓ બદલે છે. જ્યારે અસાતાનો રસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તરોત્તર તીવ્ર થવાનો હોય છે ત્યારે બીજાઓને ગુણકારી દવા પણ દરદીને કાંઇ પણ અસર કરી શકતી નથી અને દરદી વૈદ્યનો વાંક કાઢે છે કે વૈદ્યની દવા લેવાથી મારો રોગ વધી ગયો અને જ્યારે અસાતા ક્ષય થવાની અણી ઉપર હોય છે ત્યારે વૈદક શાસ્ત્રથી અણુજાણ માણસે આપેલી સાધારણ વનસ્પતિથી મટી જાય છે એટલે દરદી એમ કહેતો સંભળાય છે કે જે રોગ વૈદ્ય-ડૉકટરો મટાડી શકતા નથી તે રોગ અમુક ઠાકરડાએ કાંઇક ઝાડના મૂળીયાં આપીને ચાર દિવસમાં જ મટાડી દીધો. વસ્તુસ્થિતિ આવી હોવાથી વૈદ્યો કે ડૉકટરો દવાઓથી કોઇનો પણ વ્યાધિ મટાડી શકતા નથી તેમજ જીવાડી શકતા પણ નથી, પરંતુ ઉદયમાં આવેલી અસાતા ભોગવાઇને ક્ષય થઇ જવા આવે છે કે તરત જ ઘણા વખતથી દવા ખાઇને કંટાળેલા અને દવા મૂકી દીધેલા દરદીનો પણ વ્યાધિ મટી જાય છે.

જેઓ કર્મવાદનો સિદ્ધાંત સાચી રીતે જાણીને સમજે છે તેઓ વ્યાધિ તથા મરણ માટે દવા આદિ બાહ્ય ઉપચારોને પ્રધાનતા આપતા નથી, પણ વ્યાધિ યા મરણના કારણભૂત કર્મને પ્રધાનતા આપીને તેનો નાશ કરવા પ્રયાસ કરે છે અને નવીન કર્મની આવકને રોકે છે. અર્થાત્ વૈષયિક સુખ માટે કરવામાં આવતી જીવની વિરાધના-હિંસા ટાળીને અહિંસક વૃત્તિ આદરે છે, જેથી કરીને વ્યાધિના ઉત્પાદક કર્મોનો સંચય થતો નથી અને મરણનો પણ અંત આવી જાય છે. કર્મવાદી સારી રીતે સમજે છે કે જ્યાંસુધી ભાવવ્યાધિ તથા ભાવમરણ મટતાં નથી ત્યાંસુધી દ્રવ્યવ્યાધિ તથા દ્રવ્યમરણ અનેક પ્રકારના દવા આદિના બાહ્ય ઉપચારો કરવા છતાં પણ સમૂળગાં નષ્ટ થતાં નથી. ભાવવ્યાધિ એટલે વિષયાસક્તિ અને ભાવમરણ એટલે જ્ઞાનાદિ ગુણોનો નાશ. ભાવવ્યાધિ તથા મરણની વ્યવસ્થા કરનાર મોહનીય કર્મ છે અને તે કષાય તથા વિષયસ્વરૂપ છે. જો કે આત્માને ચારે તરફથી ઘેરીને જ્ઞાનાદિ સંપત્તિને લૂંટનારા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય છે તો પણ તે બધાય મોહનીય વગર પાંગળા-અશક્ત છે. મોહનીય આત્માને અવળું સમજાવીને વિષયાસક્તિરૂપ અટવીમાં દોરી ન જાય ત્યાંસુધી જ્ઞાનાવરણીય આદિની ત્રિપુટી આત્માની સંપત્તિ લૂંટી શકતી નથી, માટે મોહ આત્માને સુખની લાલચ આપીને તેની પાસે જીવોના વધ-બંધન-છેદનભેદન આદિ કરાવે છે એટલે જ્ઞાનાવરણીય આદિ આત્માને અપરાધી ઠરાવીને તેની સંપત્તિ લૂંટી લે છે અને વ્યાધિના મરણની સજા કરે છે. અને તે સજા આત્માને અનિચ્છાયે પણ ભોગવવી પડે છે. મોહનો ભરમાવેલો જીવ સુખ-શાંતિ તથા આનંદ ભોગવવાને અને જીવવાને બીજા જીવોને નિર્દયતાપૂર્વક હણવામાં જરાયે સંકોચ રાખતો નથી અને તેમાં જરાયે અપરાધ પણ માનતો નથી, પણ જ્યારે તેની સજારૂપ વ્યાધિ ભોગવવાનો સમય આવે છે ત્યારે અને છેવટે મૃત્યુ આવે છે ત્યારે ભોગવેલા સુખ કરતાં અનંતી વેદના અનુભવે છે. તે વખતે પણ મોહ તેને સમજાવે છે કે-વ્યાધિ તથા મરણ તારું સુખ છિનવી લેવા આવ્યા છે. તારી ધન-સંપત્તિના-સુખના સાધનોથી તને છૂટો પાડીને મોત લઇ જાય છે. આ પ્રમાણે મોહના ભંભેરવાથી જીવ ક્રોડોની સંપત્તિ મેળવી પ્રાપ્ત કરેલાં પૌદ્‌ગલિક સુખના સાધનોને આસક્તિભાવથી ભોગવીને જેટલો પોતાને સુખી માનતો હતો તેનાથી અનંતગણો દુઃખી મોતની સાથે જતાં પોતાને માને છે, માટે જો આત્મા મોહની શિખવણીથી મુકાય તો જ ભાવવ્યાધિ તથા ભાવમરણનો નાશ કરીને દ્રવ્યવ્યાધિ તથા દ્રવ્યમરણથી મુક્ત થઇ શકે છે. બાકી તો મોહનું દાસ બનેલું વિષયાસક્ત જગત ભલે ત્યાગનો પણ ડોળ કેમ ન કરે તોયે અનંત કાળે પણ વ્યાધિ તથા મરણથી છૂટી શકવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાન ગીતા શતક.

( ગતાંક પૃષ્ઠ ૧૪૨ થી ચાલુ )

મારો પંથ તારો પંથ, વદે ન સાચો નિર્ગ્રંથ, સ્યાદ્વાદ વીર પંથ, સુમાર્ગ જણાય છે;
અજ્ઞાનીના મત કાચા, જ્ઞાનીનાં વચન સાચા, મિથ્યા નહિં વદે વાચા, જ્ઞાની તે ગણાય છે.
વીરતણાં સાચાં નેત્ર, દેખે લોકાલોક ક્ષેત્ર, સમજી થાઓ એકત્ર, જેહ સુખદાય છે;
વિશાળ સુદૃષ્ટિ કરી, મધ્યસ્થ વૃત્તિઓ કરી, ભેદભાવ દૂર કરી, સમત્વ સધાય છે. ૨૬

મૌન રહે તેહ મુનિ, ધોકા પંથે તેહ ધુની, હિંસા કરે તેહ ખૂની, સમજી શકાય છે;
મુનિ મહાવ્રત પાળે, ચૂકે ન નિયમ કાળે, ધર્મમાં જીવન ગાળે, મુનિ તે મનાય છે.
મત પંથાદિની જાળે, સપડાવે જેહ ભાળે, જીવનની જ્યોત બાળે, ધૂની તે જણાય છે;
હિંસક થઇને ફાળે, જીવોનાં જીવન ટાળે, પાપમાં જીવન ગાળે, ખૂની તે ગણાય છે. ૨૭

ધરમ ધરમ કરે, પાપથી ન પાછો ફરે, ધરમ લજાઈ મરે, ધરમીનાં ઢંગથી;
ધરમનાં નામે ચરે, કરમ એ ક્રૂર કરે, ધરમનો ધોખો ધરે, ધરમીનાં રંગથી.
ધરમ તો નિજ ઘરે, લેવા દુકાનોમાં ફરે, ધરમમાં ક્યાંથી ઠરે ? અધર્મનાં સંગથી;
ધરમનાં બાને ચરે, જીવતણાં ગળાં કરે, દયા ન લગાર અરે, ધરમનાં ભંગથી. ૨૮

કર્તવ્યને માનો ધર્મ, અંતર વિચારો મર્મ, અનાસક્તે કર્મ કરો, જીવન શોભાવવા;
કોઇ કહે મારો ધર્મ, કોઇ કહે એનો ધર્મ, એક છે આતમ ધર્મ, કલેશને મિટાવવા.
પ્રવૃત્તિ કરો જરૂર, પણ ત્યાગો કર્મ ક્રૂર, સદાચાર ભરપૂર, શાંતિને વધારવાં;
સંસારમાં રહી સહુ, સંપને વધારો બહુ ! જંપ છે ટૂંકામાં કહું, આનંદમાં વસવા. ૨૯

કરમ પ્રમાણે મળે, ચિંતામાં તું શાને બળે ? પુરુષાર્થ કર કળે, ભાગ્ય અજમાવવા;
પુન્યથી જો ઝાઝું મળે, દબાઇશ નહિં તળે, દાન કર ધન બળે, પુન્યને વધારવા.
કોઇ રંક કોઇ રાય, પુન્ય પાપની વડાઈ, મદમાં શું મલકાય, સમભાવ ધારવા;
દાનથકી પુન્ય થાય, સંસારમાં સુખ થાય, પાપથકી દુઃખ થાય, ન્યાય એ વિચારવાં. ૩૦

લાવ્યા નહિં કંઇ સાથ, વળી જાશો ખાલી હાથ, ફોગટ બથોડા બાથ, તૃષ્ણામાં તણાઇને;
કલેશ નહિં કોઇ સાથ, બંધુભાવે ભીડો બાથ, પીડો નહિં કો અનાથ, પાપમાં ભરાઇને.
કોનાં ઘર કોનાં બાર, કોનાં છોરૂં કોની નાર, કરમનાં ચમકાર, મોહમાં ફસાઇને;
હર્ષ અને વળી શોક, મરતાં મૂકે છે પોક, અજ્ઞાનતા દીસે લોક, માયામાં મુંઝાઇને. ૩૧

સાથે જાય પુન્ય પાપ, નહિં જાય બેટો બાપ, આતમા તું ખાય થાપ, મારું મારું કરીને;
તારું તે તો તારી પાસ, પરનો શું બને દાસ ? તું તો આત્મ દ્રવ્ય ખાસ, કહું ફરી ફરીને.
મદઝર હસ્તી ફરે, મચ્છરે મુંઝાઇ મરે, અભિમાન શાને કરે ? હું હુંપણું ધરીને;
ધનમદ કુળમદ, રૂપમદ સત્તામદ, તેનું બહુ મોટું કદ, મરે ઝુરી ઝુરીને. ૩૨

( ચાલુ ) -

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

( ૨૫ )

**જ્ઞાનઃ ક્રિયા–Intelligent action—**

**ચંદનનો બોજો વહન કરનાર ગધેડો ભારને જાણે છે, પણ ચંદનને જાણતો નથી–**

**તે પ્રમાણે ઘણાં શાસ્ત્રને ભણેલા પુરુષો જો ક્રિયા રહિત હોય તો તે ગધેડાની માફક શાસ્ત્રના ભારને વહન કરનારા થાય છે.**

બહુ મોટી મોટી વાતો કરે, પંડિતાઈનું ઘમંડ રાખે, વ્યાખ્યાન કરે તો સભાને છક કરી દે, પણ **વર્તન કરવાનો વખત આવે ત્યારે** ગળિયો બળદ થઈ જાય, આળસુ બનીને થાક્યો દેખાય, કરે તો મન વગર ઉપર ઉપરનો ડોળ કરે, પણ અંદર કોરો ધાક્કોર હોય,–

અથવા વાત કરે પ્રમાણિકપણાની, અને સામાનું ગળું કરતાં જેના દિલમાં જરા સરખી અરેરાટી પણ ન થાય; અથવા વાત કરે નમ્રતા, સ્થિરતા કે આર્જવતી, અને વાત કરવા બેસે ત્યારે સામાના છતાં અછતાં દુર્ગુણની તેની ગેરહાજરીમાં નિંદા કરતાં કે તેના અવર્ણવાદ બોલતાં એની જીભ પર જરા સરખું ચોકડું ય ન લાગે; અથવા સત્ય, શીલ, દયા કે સજ્જનતા પર ભાષણ આપીને નીચે ઊતરતાં જ કોઈને ગાળ આપતાં, તુચ્છકાર સાથે હુકમ કરતાં, તોછડાઈથી સામાને તોડી પાડતાં કે પોતાની મહત્તા બતાવતાં પોતાની નરમાશ બતાવવાનો દાવો કરતાં જેના દિલમાં અરેરાટી પણ ન થાય,–

આવા પુરુષો દુનિયામાં નકામો **જ્ઞાનનો બોજો** ઉપાડે છે, ભાર વેંઢારીને હેરાન થાય છે, ખોટો દાખલો બેસાડી બીજાને પતિત થવાનો માર્ગ સરલ કરી આપે છે અને જાતે નિધ્વંસ થઈ, તીવ્ર કર્મ બાંધી, ગળે પથ્થર વીંટી, મહાન ભવસમુદ્રમાં ઊંડા ડૂબી જાય છે; એવાનો આરો આવતો નથી, એમને માર્ગ મળતો નથી અને જાતે અંધ કૂવામાં પડતાં પડતાં બીજાને પોતાની સાથે ખેંચી જાય છે.

ગધેડાને ચંદનની ગંધ આવતી નથી. એની પીઠ પર સુખડ લાદ્યું હોય કે ધૂળના ઢેફાં ભર્યાં હોય એ બન્ને એને મન સરખાં છે, એને પથ્થરનો ભાર લાગે છે તેટલો જ ચંદનનો લાગે છે, એ ચંદનની સુગંધથી બેનસીબ રહે છે. એના પર ચંદનનો ભાર આવ્યો એનો એને કોઈ જાતનો લાભ મળતો નથી. તે જ પ્રમાણે સમજુ જાણકાર જ્ઞાની માણસ ક્રિયા ન કરે, કરે તો સાચી સમજીને ન કરે, તો એનાં જ્ઞાનનો કશો અર્થ નથી. **એકલું જ્ઞાન પાંગળું છે,** એકલી ક્રિયા આંધળી છે. જ્ઞાન અને ક્રિયાનો સહચાર હોય ત્યાં જ ખરી મજા જામે છે, બાકી જ્ઞાન વગરની ક્રિયા હોય તો તેનો વિનીપાત થતાં વાર લાગતી નથી અને હેતુ રહસ્યના અજાણપણામાં ક્રિયાનો સાચો લાભ મળતો નથી અને જાણી સમજીને બેસી રહે, ગજના ગજ માપે, પણ એક તસુએ કાપે નહિ–એ જ્ઞાનનો પણ અર્થ નથી. માત્ર જ્ઞાન બોજારૂપ છે, માત્ર ક્રિયા આંધળી છે. એવા અર્થ, હેતુ કે પરિણામ વગરના જ્ઞાનના કે એવી વગર સમજણની ક્રિયાના સંવ્યવહારમાં કોઈ જાતનો લાભ થતો નથી. માટે **કરો તે સમજીને કરો,** સમજો તેનો બરાબર અર્થ કરો અને **નકામી મજૂરી ને વેઠમાં કાંઈ ફેર નથી** એ વાતનું રહસ્ય સમજો. ગતાનુગતિક થવામાં માલ નથી તેમજ સમજીને બેસી રહેવામાં પણ માલ નથી. ગધેડાની જેટલી મજૂરી કરવી અને અવસર મળે છતાં સુગંધ પારખવી પણ નહિ એ સાચા ધર્માર્થીની બાબતમાં શોભારપદ ન ગણાય.

**यथा खरश्चन्दनभारवाही, भारस्य वेत्ता न तु चन्दनस्य।**
**तथैव शास्त्राणि बहून्यधीत्य, क्रियाविहीनाः खरवद्वहन्ति॥**

સુશ્રુત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૬ )

## અહિત : Harm

**હસતી ગેલ કરતી જરા ( વૃદ્ધાવસ્થા ) વાઘણની જેમ સામે રાહ જોઈ રહેલ છે; દુશ્મનના જેવા રોગો શરીરને હાલ બેહાલ કરી રહ્યા છે; ભાંગેલા ઘડામાંથી દ્રવતા પાણીની માફક આઉખું ટપકયા કરે છે; છતાં લોકો અહિત કર્યા જ કરે છે.**

**એ ખરેખર આશ્ચર્યકારક છે.**

**જરા** વાત વાતમાં પારકાનું સત્યાનાશ કાઢવામાં માણસને જરાયે આંચકોએ થતો નથી. એને કોઈ જાતનો લાભ હોય કે ન હોય, પણ બીજાને એનાથી નુકશાન કેટલું થશે એનો એ વિચાર પણ કરે નહિ. એ તો ગમે તેમ ભરડે રાખે, ગમે તેવું એ બદામનું બોલી સામાને હજારોના નુકસાનમાં ઉતારે, પોતાને બે આનાનો લાભ થતો હોય તો સામાને સેંકડોનું નુકશાન થાય તેમાં એને ખેદ પણ ન થાય. એ સિવાય કોઇની નિંદા કરવામાં, કોઇનાં અવર્ણ-વાદ બોલવામાં, કોઇના સંબંધી બનાવટી વાતો કરવામાં, કોઇને હલકા પાડવામાં જરાએ સંકોચ પણ ન થાય, ગમે તે રીતે પોતાનાં ખીસ્સાં ભરાય, અને તેની અસર અન્ય પર કેવી થાય છે તેનો ખ્યાલ પણ ન આવે એ તો ભારે નવાઇની વાત છે.

માણસે વિચારવું ઘટે કે બીજાનું બગાડીને પોતાનું સુધારવું એ તો નરી બાલિશતા છે. ખ્યાલમાં રાખવું જોઇએ કે એવી અધમ રીતે મેળવેલ લાભ ઘણો વખત ટકતો નથી. ભીખનાં હાલ્લાં કદી શીંકે ચઢતા નથી. પણ બાકી કેટલીક વાર અનાચાર કે અત્યાચારનાં ફળને માટે રાહ જોવી પડે છે, પણ ખ્યાલમાં રહે કે અંતે તો ચોરને પાટલે ધૂળની ધૂળ જ રહે છે અને કેટલીકવાર તો ઘરની પોતાની વસ્તુ પણ તેમાં તણાઈ જાય છે. લુચ્ચાઈ કે દોંગાઇથી હજાર મેળવ્યા હોય ત્યારે કેટલાકને સારું લાગતું હશે, પણ તેનાથી એનું એટલું નૈતિક અધઃપતન થાય છે કે એ થોડાં માસ કે વર્ષ પછી પોતાની ઘરની પુંજી પણ ખોઇ બેસે છે.

અને માણસે યાદ રાખવું જોઇએ કે દરેક દિવસે આઉખું ઘટતું જાય છે, જુવાનીનો લટકો ચાર દહાડાનો છે, તેની બીજી બાજુએ ઘડપણ રાહ જોઇને બેઠું છે અને નજીક આવતું જાય છે, ટાઇફોઇડ, ક્ષય, પ્લેગ, કૉલેરા જેવા દરદો વીખરાયલા પડેલા છે અને એનો ભોગ થતાં રાંધ્યા રજક રહેશે અને ગમે તે રીતે મેળવેલ પૈસા કે લીધેલ લાભો અહીં પડયા રહેશે અને પોતાને ઉઘાડે હાથે પગ ઘસતાં ચાલ્યા જવું પડશે અને તે વખતે ગેરવાજબી લાભો સાથે નહિ આવે, પૈસા અહીં પડયા રહેશે અને કોઇ જગાએ ઘડી ઘડીના અને પળપળના હિસાબ આપવા પડશે. અહીં કરેલાં ખોટાં કામના ભરપટ્ટે બદલા ભરવા પડશે ત્યારે સ્વાધીન દશા પણ કદાચ નહિ હોય. આમ છે તો પછી પારકાનું અહિત કેમ કરાય ? શામાટે કરાય ? કેટલાએ જવાબ તો અહીં ને અહીં આપવા પડે, શરીરમાં વાળા નીકળે, વિસ્ફોટક થાય, નામ ન લેવાય તેવા, કાળી બળતરા કરાવે તેવા રોગો થાય. ત્યારે એ સર્વ કોના માટે ? અને અંતે જવાનું તો નક્કી છે, તો પછી આંખ ઉઘાડો, વિચાર કરો અને જરા આગળ નજર કરો. દાવાનળમાંથી નીકળી જવું હોય, વ્યાધિમાંથી બચવું હોય, આંટાફેરા અળસાવવા હોય તો આખો રાહ બદલી નાખો, નવો રાહ પકડી લો અને જીવનને પલટો આપી દો. પરહિત બને તેટલું કરો અને તેની અંતરની મોજ જુઓ. તમને પોતાને જ સુંદર પલટો અનુભવાશે અને તત્ત્વજ્ઞાનીના આશ્ચર્યને છેડો આવશે.

**व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती, रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।**
**आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो, लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥**

**ભર્તૃહરિ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૭ )

## વીર્યસ્ફુરણની મર્યાદા-Manifestation

**જે કોળિયો ભરવા જતાં પોતાના ગલોફામાં સમાઇ શકે તેવો હોય, જે કોળિયો ભરી લીધા પછી પોતાથી જીરવાય તેવો હોય અને જેનાથી પરિણામે પોતાનું હિત થાય તેવું હોય-<u>તેવો અને તેટલો જ કોળિયો</u> આબાદી ઇચ્છનારે <u>ભરવો</u> ઘટે.**

**સામે** અનાજ, શાક કે મીઠાઇના ઢગલા પડ્યા હોય **માટે** ભૂકડા મરાતા નથી. એમાંથી આપણા ગલોફામાં માઇ શકે તેટલું જ મ્હોંમાં મૂકાય. સામે પાણીનું મોટું સરોવર હોય તેથી આપણા મ્હોંમાં ઘડો પાણી એકી સાથે નાખી શકાય નહિ. એ જ પ્રમાણે આપણું ગલોફું ભરવામાં પણ આપણી **પાચનશક્તિનો** ખ્યાલ કરવો ઘટે. ઘરડો માણસ બે ચાર લાડવા ખાઇ નાખે તો લાંબો થઇ જાય. પોતાને ફાવે, પચે અને પોતાથી જીરવાય તેટલો જ ખોરાક ગલોફામાં મૂકાય. ઊધરસવાળો મરચું ખાઇ ન શકે અને કમળાવાળો ઘી તેલ ખાઇ ન શકે. વસ્તુ સામે પડી છે કે પોતાને ઉપલબ્ધ છે, માટે મ્હોંમાં ઝોંસવા માંડે, તો માણસ ખલાસ થઇ જાય. અને જુવાન માણસ હોય અને પાચનશક્તિ સારી હોય તેણે પણ પરિણામે પોતાને લાભ કેટલો થશે તેની ગણતરી કરીને ખોરાક મ્હોંમાં મૂકવો જોઇએ. ચઢતે લોહીએ તો ઘડીભર પથરાએ પચી જાય એમ લાગે અને કાચને કચકચાવીને હોજરી સુધી મોકલી શકાય, પણ એ સર્વ અત્યાચારોની અસર હોજરી પર થયા વિના રહેતી નથી અને જુવાનીની એવી મૂર્ખાઇઓ ઘડપણમાં ભરપટ્ટે વસૂલ આપવી પડે છે; માટે તમારી ગલોફાની શક્તિ, તમારી પચાવવાની તાકાત અને તમારી લાંબી નજરની હિતદૃષ્ટિ લક્ષ્યમાં રાખવામાં જ તમારું હિત છે, તે રીતે જ તમે શરીર બાંધી શકો, જાળવી શકો અને તેની પાસેથી પૂરતું કામ લઇ શકો.

આ વાત એકલી ખાવાને જ લગતી નથી. કોઇ **ક્રિયા** કરો, કોઇ **વિચાર** બતાવો, કોઇ **ધારણા** કરો-તો તેમાં પોતાની શક્તિ, પોતાની પચાવવાની તાકાત અને પોતાને પરિણામે થવાનો લાભ વિચારીને ક્રિયા, વર્તન કે ઉચ્ચાર કરો. પોતાનું સાચું શ્રેય કરવાનો એ જ માર્ગ છે. નકામા તણાઇ મરવાથી લાભ ન થાય. શક્તિ વિગોપન કરવાથી જેમ લાભ ન થાય તેમ શક્તિનો અતિશયોક્તિ ભરેલો ખ્યાલ બાંધવાથી પણ લાભ ન થાય. ત્યાગમાં, આદરમાં, ક્રિયા કરવામાં, દાન લેવા દેવામાં અને વ્રત નિયમ કરવામાં-પોતાની શક્તિનું માપ કરવું, પોતાની પચાવવાની શક્તિનો ક્યાસ કરવો અને પોતાને પરિણામે લાભ થવાનો પાકો હિસાબ કરવો. **જે કાર્યમાં લાભ વધારે દેખાય અને જે કરવાની પોતાની શક્તિ હોય તો** વગર સંકોચે **તે કામ** કરવું, તેનાં લાંબા પરિણામો નજરમાં રાખવાં અને પોતાની શક્તિ હોય તો તેને છુપાવવી કે અવગણવી નહિ. માત્ર દેખાવ કરવાનો કે અંધ અનુકરણનો રસ્તો ન લેવો, પણ પોતાનો અંગત હિસાબ મૂકવો. ઘર બાળીને તીરથ કરવું એ જેમ અક્કલ વગરની વાત છે, તેમ હંમેશાં ઘરનો જ વિચાર કરી, બહાર કે આગળ પગલું જ ન ભરવું એ પણ બાલિશતા જ છે. પોતાનું શ્રેય ઇચ્છનારે પોતાની શક્તિ, પોતાની પરિસ્થિતિ અને પોતાની પરંપરા લાભ ગણી કામ કરવું અને એમ કરવામાં સાચો માર્ગ જરૂર જડી આવશે. પારકાની હવેલી જોઇ, પોતાના ઝૂંપડાં બાળી ન નાખવાં પણ ઝૂંપડાંને સારા બનાવવાની શકયતા હોય તો તેને જતી પણ ન કરવી. ધર્મમાર્ગે પ્રગતિ કરનારનો આ સાચો રસ્તો છે, લાભકારી છે, ઇચ્છિત સ્થાને લઇ જનાર છે.

**यच्छक्यं ग्रसितुं ग्रासं ग्रस्तं परिणमेच्च यत्। हितं च परिणामे स्यात्तत्कार्यं भूतिमिच्छता॥**

**વ્યાસ મુનિ:**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૨૮ )

## Objectivity-પરાન્વયી.

**ક્રૂર માણસો દયાના ખૂબ પ્રેમી હોય છે, લોભીઆ માણસો ઉદારતા તરફ પ્રેમ બતાવે છે, અભિમાની માણસો નમ્રતાના ઉપાસક દેખાય છે પણ તે બીજામાં-પોતામાં નહિ.**

દંભના દાખલાઓ વિચારો, બહારના દેખાવની ભીતરના ગોટાળા તપાસો અને તમને આ દુનિયા પર ખરેખર કંટાળો આવશે. દંભીના ઢોંગ કઇ કઇ જાતના થાય છે તે જરા અવલોકો. તમે એક મુંજી માણસ પાસે પૈસા ભરાવવા, ફંડ ફાળામાં નાણા આપવા વિનવવા જશો તો એ પારકાની ઉદારતાના ભારોભાર વખાણ કરશે. ભાઇ! એના તે શી વાત થાય? એ તો કર્ણનો અવતાર છે, દાનવીર છે વગેરે. પછી તેને પૈસા ભરાવવાનું કહેશો તો અનેક બહાનાં કાઢશે. પોતે લાખોનો વેપાર કરતો હશે તો પણ ભાઇ દેશમાં ગયા છે, બાપાને જવાબ લખવો પડશે વગેરે અનેક બહાનાં બતાવશે. પછી એ હમણાં હમણાં ટીપ-ટપારાની સંખ્યાની વાતો કરશે. પોતે એક પાઇ આપી નહિ હોય, છતાં આખા મુંબઇનો બોજો પોતાના માથા પર આવી પડયો હોય તેવી વાત કરશે અને અંતે અન્યની ઉદારતાની દાંભિક વાત કરનાર તમને પાણીચું નાળિયેર, અને સુક્કો ગોળ આપશે. પારકી ઉદારતાના વર્ણનની નીચે કેવો દંભ ભરાયલો હોય છે તેનો તમને અભ્યાસ-પાઠ મળશે. આવા પારકાની વાતમાં પહોળા થઇ જનાર પોતાને એ ઉદારતાની પ્રશંસા સાથે કાંઇ લેવાદેવા નથી એમ બતાવે અને 'ભાઇ! આપ તો ખૂબ ખરચી શકો છો, તમારી તે વાત થાય? તમારા પેંગડામાં અમારો પગ આવે?'-આવું આવું બોલી પોતાનું દાંભિક માનસ બતાવી આપશે.

તે જ પ્રમાણે નિર્દય માણસ બીજાની દયાના વખાણ કરશે, અને પાકા અભિમાની માણસો અન્યની નમ્રતા વખાણશે, પણ એને તે **વખાણ સાથે કાંઇ લેવાદેવા હોતા નથી.** એ પ્રશંસાને પોતાથી એક હાથ દૂર જ રાખે. એને તો પારકાની **પ્રશંસાના ઓઠા નીચે પોતાનો ગોટાળો** ચલાવી લેવો છે, પોતાની હૃદયહીનતા છુપાવવી છે, પોતાની મલિનતાની આગળ આડો પડદો ધરવો છે. આવા નૈતિક નજરે દીવાળીઆ માણસો પોતાની જાતને ઘણો અન્યાય કરે છે, ખોટા દેખાવ કે બોલીના પ્રપંચની ઓથે રહી પોતાનો આખો વિકાસ માર્ગ ડહોળી નાખે છે. માત્ર બોલીમાં કાંઈ વળે નહિ. ગુણની પ્રશંસા સાચી કરવી હોય તો **ગુણને પોતે જીવી બતાવવાના** છે. બાકી **વાણીવિલાસ** જ હોય તો એ તો **ગુણની મશ્કરી** જ છે, પોતાની વગોવણી છે અને સંક્ષેપમાં એ ખરેખરો **ગુણદ્રોહ** જ છે. દંભ અંતે ઉઘાડો પડ્યા વગર રહેતો નથી અને તેમ થાય ત્યારે ઘણું મોટું નુકસાન થાય છે. મોટી વાતો કરવી અને પોતે અંદરથી કોરો ધાકોર હોય તે તો ખરો ગુણચોર ગણાય છે અને ગુણ-ચોરને નૈતિક રાજ્યમાં સ્થાન નથી. ધાર્મિક જીવન જીવવાની ઇચ્છાવાળાએ સ્વાન્વયી બનવું, પરની પ્રશંસાની મશ્કરી ન કરવી અને ન બને તો મૌન રહેવું. ખાલી બોલીથી નિષ્વંસ પરિણામ થઇ જાય છે અને અરીસા જેવી દુનિયા અંતે છેતરાતી નથી એ યાદ રાખવું.

Cruel men are greatest lovers of mercy, avaricious men of generosity, and proud men of humility; that is to say in others, not in themselves.

COLTON ( 14-8-46 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમાન્ યશોવિજયજી.

લેખક :—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

( ગતાંક પૃષ્ઠ ૯૯ થી શરૂ )

## પ્રખર ન્યાયવેત્તા તરીકે

હવે પ્રખર ન્યાયવેત્તા તરીકે **શ્રી યશોવિજયજી**ની ખ્યાતિ તો સર્વવિદિત છે. ન્યાય તો એમનો ખાસ પરમ પ્રિય વિષય હતો. ન્યાયના તો તે 'Specialist' ખાસ નિષ્ણાત હતા. એટલે ન્યાયને એમણે યથાયોગ્ય 'ન્યાય' આપ્યો હોય એ સમુચિત જ છે. ન્યાયનો વિશિષ્ટ અભ્યાસ તેમણે ત્રણ વર્ષ **કાશી**માં અને ચાર વર્ષ **આગ્રા**માં રહી કર્યો હતો. **કાશી**માં રહી સભા મધ્યે વિજય મેળવતાં તેમને **'ન્યાયવિશારદ'** નું બિરુદ મળ્યું હતું. પછી ન્યાયના એક સો ગ્રંથ રચ્યાથી તેમને **'ન્યાયાચાર્ય'**નું પદ મળ્યું હતું, તેનો ઉલ્લેખ તેમણે પોતે જ કર્યો છે. પં. **સુખલાલજી**એ સાચું જ કહ્યું છે કે સ્વપર-ન્યાયનો ને દર્શનનો આવો અઠંગ અભ્યાસી જૈનમાં તો શું-જૈનેત્તરમાં પણ થયો નથી; કારણ કે કોઈ વૈદિક કે બૌદ્ધ વિદ્વાન્ એવો થયો નથી કે જેને જૈન શાસ્ત્રનું વાસ્તવિક ગહન કે સર્વવ્યાપ્ત જ્ઞાન હોય. પણ **યશોવિજયજી** તો ઉપનિષદાદિ વૈદિક ગ્રંથોનું તેમજ બૌદ્ધ શાસ્ત્રોનું વાસ્તવિક પરિપૂર્ણ ને સર્વગ્રાહી જ્ઞાન ધરાવતા હતા,-તે તેમના ગ્રંથરાશિ પરથી સુપ્રતીત થાય છે.

## ન્યાય એટલે શું ? કદાગ્રહનો નિષેધ.

ન્યાય એટલે પક્ષાપક્ષી નહિં, પોતાનો કક્કો ખરો કરવો તે નહિ, પરંતુ વાદી-પ્રતિવાદીનું કથન બરાબર સાંભળી, નિષ્પક્ષપાતપણે-મધ્યસ્થપણે-નિરાગ્રહપણે જેમ ન્યાયમૂર્તિ ન્યાય તોળે, તે રીતે તત્ત્વનું તોલન કરવું, તત્ત્વની મધ્યસ્થ પરીક્ષા કરવી તે. કષ, છેદ, તાપવડે શાસ્ત્રશુદ્ધિની પરીક્ષા કરી સ્વપરદર્શનનું મધ્યસ્થપણે પર્યાલોચન-સમીક્ષણ કરવું તે. એટલે ન્યાયમાં કોઇપણ પ્રકારના આગ્રહનો કે કદાગ્રહનો તો અવકાશ જ નથી; કારણ કે આગ્રહ-કદાગ્રહ હોય ત્યાં 'ન્યાય' હોઈ શકતો જ નથી. કદાગ્રહ ને મતાગ્રહનો યશોવિજયજીએ ખૂબ ખૂબ તિરસ્કાર કર્યો છે, ને પોતાની રમૂજી શૈલીમાં એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે કે-આગ્રહીનું મનરૂપી **વાંદરું** યુક્તિરૂપી ગાયનું પૂંછડું ખેંચે છે! ને મધ્યસ્થનું મનરૂપી **વાછડું** યુક્તિરૂપી ગાયની પાછળ પાછળ જાય છે અર્થાત્ યુક્તિને અનુસરે છે, યુક્તિની ખેંચતાણ કરતું નથી.

" **मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनः कपिः ॥ "**

શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

" **आग्रही बत निनीषति युक्तिं**
**तत्र यत्र मतिरस्य निविष्टा ॥**
**पक्षपातरहितस्य तु**
**युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् " ॥**

શ્રી હરિભદ્રાચાર્યજીકૃત લોકતત્ત્વનિર્ણય

અર્થાત્-આગ્રહી જ્યાં એની મતિ અભિનિવિષ્ટ છે ત્યાં યુક્તિને દોરી જાય છે, પણ પક્ષપાત રહિતને તો જ્યાં યુક્તિ છે ત્યાં મતિ પ્રવેશ પામે છે.

## સમ્યગ્દષ્ટિની નિરાગ્રહ વૃત્તિ

આ જ **શ્રી યશોવિજયજી**, શ્રી **યોગદૃષ્ટિ-સજઝાયમાં** કહે છે કે-સમ્યગ્દૃષ્ટિ પુરુષ સાચો 'જૈન' હોય તે તો સર્વ દર્શનના નય-અપેક્ષા-વિશેષ ગ્રહે છે, ને પોતે આત્મસ્વભાવમાં રહે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, ક્યાંય પક્ષપાત કરતો નથી, અને લોકોને હિતકારી એવા '**ચારિસંજીવની ચાર ન્યાય**'નો ચારો ચરાવે છે.

> "**દર્શન સકલના નય ગ્રહે,**
> **આપ રહે નિજ ભાવે રે;**
> **હિતકરી જનને સંજીવની,**
> **ચારો તેહ ચરાવે રે.**
> **વીર જિનેસર દેશના.**"

શ્રી યશોવિજયજીકૃત યોગદષ્ટિ સજઝાય

## અનેકાંતની સર્વત્ર સમતા

તેઓ કહે છે કે–અહો! તમે અનેકાંતનું સ્વરૂપ બરાબર સમજો ને નિરાગ્રહી બનો! સ્વસમય–પરસમયની મધ્યસ્થ પરીક્ષા તત્ત્વદષ્ટિથી કરો! અનેકાંતને સર્વ નયો, અપેક્ષાવાદો પ્રત્યે સમાન દષ્ટિ જ હોય,–પિતાની જેમ પોતાના બધા તનયો–પુત્રો પ્રત્યે સરખી નજર હોય તેમ; માટે કોઇ એક નયનો એકાંતે આગ્રહ સમ્યગ્દષ્ટિ જૈન ધરે નહિં, તેમ જ અન્ય દર્શનો પ્રત્યે કટાક્ષ દષ્ટિથી જુએ નહિં, પણ તે પોતાના અંગભૂત છે–ભાઇઓ જ છે એમ માને.

> "**यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव।**
> **तस्यानेकांतवादस्य क्व न्यूनाधिकशेमुषी॥**"

શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

## સર્વજ્ઞતત્ત્વનો અભેદ

વળી તેઓ કહે છે કે–સર્વજ્ઞો કાંઇ જુદા જુદા નથી–તત્ત્વથી એક જ છે, તો પછી જુદા જુદા દર્શનના અનુયાયી–તે સર્વજ્ઞના ભક્તોમાં પણ ભેદ ક્યાંથી હોય? માટે મત–દર્શનનો ખોટો આગ્રહ છોડી દ્યો! શબ્દભેદનો ઝઘડો શો? કોઇ ગંગા કહે ને કોઇ સુરનદી કહે, પણ વસ્તુ કાંઈ ફરી જતી નથી, નામભેદ છતાં તત્ત્વભેદ નથી; માટે યોગરૂપ મોક્ષમાર્ગમાં સર્વ દર્શનોની એકતા છે, એમ નિશ્ચય જાણો.

> "**નહિં સર્વજ્ઞો જુજુઆજી,**
> **તેહના વળી દાસ;**
> **ભક્તિ દેવની પણ કહીજી,**
> **ચિત્ર આચત્ર પ્રકાશ;**
> **મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ.**
> **પુદ્ગલરચના કારમીજી,**
> **તિહાં જસ ચિત્ત ન લીન;**
> **એક માર્ગ તે શિવતણોજી,**
> **ભેદ લહે જગ દીન...મન.**
> **શબ્દ ભેદ ઝઘડો કિશ્યોજી,**
> **જો પરમારથ એક;**
> **કહો ગંગા કહો સુરનદીજી,**
> **વસ્તુ ફિરે નહિં છેક...મન.**"

પરમ તત્ત્વજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્રજી**નું ટંકોત્કીર્ણ વચનામૃત છે કે–

"મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્તમાનકાળે પણ તેથી જ પામે છે, ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી. × × × × શ્રી **મહાવીર** જે વાટેથી તર્યા તે વાટેથી શ્રી કૃષ્ણ તરશે, જે વાટેથી શ્રી કૃષ્ણ તરશે તે વાટેથી શ્રી **મ**હાવીર તર્યા છે." ઇત્યાદિ–**શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૩૨

## અભિનિવેશ ત્યાગ–

વળી આગળ વધતાં શ્રી **યશો**વિજયજી એટલે સુધી કહે છે કે–**તાત્ત્વિક ધર્મ સંન્યાસ** પ્રગટયે ક્ષમાદિક ધર્મ પણ મટી જાય છે, તો પછી બીજા ધર્મને નામે ઝઘડા–ટંટાનો મુનિને અભ્યાસ શો?

> "**ધર્મ ક્ષમાદિક પણ મિટે જી,**
> **પ્રગટે ધર્મ સંન્યાસ;**
> **તો ઝઘડા ઝંઝાતણો જી,**
> **મુનિને કવણ અભ્યાસ? મન૦**"

શ્રી યોગદષ્ટિસજઝાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે અહો મહાનુભાવો! તમે સર્વ પ્રકારના સર્વ અભિનિવેશો-સર્વ આગ્રહો છોડી દ્યો! છોડી દ્યો! તો જ તમે સમ્યગ્દૃષ્ટિપણું પામવાને યોગ્ય બનશો. એવો તેમનો સ્પષ્ટ સુરેખ બોધ છે.

**"અભિનિવેશ સઘળો ત્યજી જી,**
**ચાર લહી જેણે દૃષ્ટિ;**
**તે લેશે હવે પાંચમી જી,**
**સુયશ અમૃતઘન વૃષ્ટિ. મન૦"**
**શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાય.**

**અન્ય મહાત્માઓ સાથે તુલના—**

યશોવિજયજીની આ અદ્ભુત મધ્યસ્થ નિરાગ્રહ વૃત્તિ જોતાં, પરમસહિષ્ણુતા જોતાં, આપણને પ્રાચીન મહર્ષિ શ્રી **હરિભદ્રસૂરિનું** અને અર્વાચીન મહાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** સહજ સ્મરણ થાય છે; કારણ કે શ્રી હરિભદ્રજી પણ એવા જ ધર્મધુરંધર પ્રમાણભૂત આચાર્ય હોઇ, કદાગ્રહ-મતાગ્રહનો અત્યંત નિષેધ કરતા એ તેમના વચનો પરથી પૂરવાર થાય છે. જેમકે—

"पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥"
શ્રી લોકતત્ત્વનિર્ણય.

"आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम् ।
दृष्टेष्टावाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः॥"
શ્રી યોગબિન્દુ.

**શ્રીમદ્ રાજચંદ્રજી**ના વચનામૃતમાં પણ તેવો જ ભાવ સ્થળે સ્થળે ધ્વનિત છે. દાખલા તરીકે—

**"છોડી મત દર્શનતણો,**
**આગ્રહ તેમ વિકલ્પ;**
**કહ્યો માર્ગ આ સાધશે,**
**જન્મ તેહના અલ્પ."**
શ્રી આત્મસિદ્ધિ

**"ભિન્ન ભિન્ન મત દેખીએ,**
**ભેદ દૃષ્ટિનો એહ;**
**એક તત્ત્વના મૂળમાં,**
**વ્યાપ્યા માનો તેહ."**
શ્રીમદ્ રાજચંદ્ર

**ન્યાયનિપુણતા—**

શ્રી. યશોવિજયજીએ નય વિષયનું એટલું બધું સૂક્ષ્મ ને તલસ્પર્શી વિવિધ રીતિનું વિવરણ કર્યું છે અને તેનું યથાસ્થાન એવું અદ્ભુત વિનિયોજન કર્યું છે કે તે આપણને તેમની અસાધારણ અપ્રતિમ પ્રતિભાથી આશ્ચર્યચકિત કરે છે. તેઓશ્રીએ ખોટી બડાઇથી નહિં, પણ પૂરેપૂરા આત્મવિશ્વાસથી પોતાના માટે એક સ્થળે દાવો કર્યો છે કે—

**"વાણી વાચક યશતણી,**
**કોઇ નયે ન અધૂરી રે."**

-એ અક્ષરે અક્ષર પ્રત્યક્ષ સત્ય છે, તેની પ્રતીતિ આપણને તેમના ન્યાય સંબંધી-દર્શન વિષયક ગ્રંથો પરથી આવે છે. (અપૂર્ણ)

---

# વર્તમાન સમાચાર.

## મહેસાણામાં શ્રુતજ્ઞાનનાં પ્રચાર માટે મળેલ સંમેલન.

પવિત્ર શ્રુતજ્ઞાન અને જૈન આચારનાં પ્રચારની ભવ્ય યોજના કરવા માટે મહેસાણામાં સંવત ૨૦૦૩ નાં ચૈત્ર શુદી ૭-૮ નાં રોજ એક જૈન આગેવાનોનું ભવ્ય સંમેલન રાજનગરનિવાસી શ્રાદ્ધરત્ન શેઠ ભગુભાઇ ચુનીલાલભાઇનાં પ્રમુખપદે ભરાયું હતું, જેમાં ઘણા જૈન કોમનાં જાણીતા આગેવાનો એકત્ર મળ્યા હતા. જૈન ધર્મનાં જ્ઞાનનો ફેલાવો થાય અને જૈન કોમનાં બાળકોને સાચી ધર્મની કેળવણી પ્રાપ્ત થાય તે માટે એક વિશાળ યોજના કરવામાં આવી છે. આ યોજના પાછળ શ્રીયુત ચીમનલાલ કેશવલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કડીઆ અને શ્રી ચીમનલાલ અમૃતલાલ વકીલ કાર્ય કરનારા છે. વળી શ્રી વાડીલાલ મગનલાલ જેવા અનુભવી અને જૈન પાઠશાળાનાં ધાર્મિક પરીક્ષક તરીકેનો તેમનો વિશાળ અનુભવ છે. તેઓ આ સમિતિનાં કાર્યવાહકો છે. વળી શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ ગિરધરલાલ છોટાલાલ વગેરે તેના સભ્ય છે. છેવટ શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે જૈન ધર્મનું સાચું જ્ઞાન સમાજમાં ફેલાય અને જૈન કોમની ઉન્નતિ થાય.

## વૈદ્ય જમનાદાસ ચુનીલાલનો સ્વર્ગવાસ.

વડોદરાવાળા વૈદ્ય જમનાદાસભાઇ સં. ૨૦૦૩ ના ફાગણુ સુદી ૧૦ ને રવિવારે પંચત્વ પામ્યા છે. તેઓશ્રી ધર્મિષ્ટ કુટુંબના હતા. ધાર્મિક સંસ્કાર વારસામાં ઊતર્યા હતા. તેઓ શાંત, સરલ સ્વભાવી અને મિલનસાર હતા. તેમણે દેશી વૈદ્ય તરીકે સારી નામના મેળવી હતી. તેમણે જીવન દરમ્યાન અનેક સંસ્થાઓદ્વારા ધર્મબન્ધુઓની સેવા બજાવી હતી. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓનાં સ્વર્ગવાસથી એક ધર્મશ્રદ્ધાળુ સભ્યની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અમર શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

# સ્વીકાર–સમાલોચના.

## सूत्रार्थमुक्तावलि ( सटीका )

સંકલયિતા આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. આ ગ્રંથમાં પાંચ આગમો–અનુયોગદ્વાર, આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્ર એ પાંચે આગમોના સારરૂપે સંકલના કરી છે. પ્રથમ મૂળ એક શ્લોક અને તેની નીચે સંસ્કૃત ટીકા છે. એ રીતે પ્રથમ સૂત્રમાં પર મૂળ શ્લોક ટીકા સાથે, બીજામાં ૮૮ મૂળ શ્લોક ટીકા સાથે, ત્રીજામાં ૮૨ મૂળ શ્લોક ટીકા સાથે, ચોથામાં ૨૩૮ મૂળ શ્લોક ટીકા સાથે, પાંચમા સમવાયાંગ સૂત્રમાં ૧૦૦ મૂળ શ્લોક ટીકા સાથે એ પાંચે આગમોનું સરળ રીતે સંસ્કૃત ભાષામાં તત્ત્વદોહન કરેલું છે. જેમ આ ગ્રંથ શરૂઆતના અભ્યાસીઓને ઉપયોગી છે તેમ યોગોદ્વહન વગેરે વહન કરી યોગ્યતા નહિં મેળવેલ જિજ્ઞાસુ માટે આ પાંચે આગમોનું જ્ઞાન પામી શકે તેવા ઉચ્ચ હેતુથી આચાર્ય મહારાજે આ ગ્રંથની આવશ્યક ઉપયોગી રચના કરી છે, જે ખરેખર ઉપકારક છે.

આગ જીવો, સંસ્કૃત ભાષાના અનભ્યાસીઓ માટે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરી પ્રકાશન થવાની જરૂરિયાત છે, જે આચાર્ય મહારાજ લક્ષમાં લેશે તેવી વિનંતિ છે. કિંમત રૂા. ૫–૦–૦ મળવાનું સ્થળ–શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા છાણી ( વડોદરા ).

**શ્રી જિનેન્દ્રભક્તિસાગર**—મુનિરાજ શ્રીકલ્યાણપ્રભવિજયજી તરફથી શ્રી જિનેશ્વર ભગવાનનાં વિવિધ સ્તવનો રૂપે આ પુસ્તિકા રચવામાં આવી છે. આ સ્તવનાવળી સભાને ભેટ મળી છે. મૂલ્ય ૦–૪–૦

**વિનોબાનાં વચનામૃતો**—શ્રી. માવજી દામજી શાહે ૧૦૮ વચનામૃતોનો સંગ્રહ પુસ્તિકારૂપે બહાર પાડ્યો છે. આ વચનામૃતો મનન કરવા યોગ્ય છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે. કિંમત ૦–૫–૦

**શામળદાસ કૉલેજ મેગેઝીન** ચાલુ વર્ષમાં ભાવનગર શામળદાસ કૉલેજ તરફથી મેગેઝીન બહાર પાડવામાં આવ્યું છે, જેમાં પ્રૉફેસરો અને વિદ્યાર્થીઓ તરફથી અંગ્રેજી અને ગુજરાતીમાં વિવિધ પ્રકારની રસપ્રદ વાનીઓ પીરસવામાં આવી છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

**અનિત્ય પંચાશત્**—શ્રી પદ્મનદાચાર્યવિરચિત શ્રી પદ્મનંદી પંચવિંશતિકા ગ્રન્થનું ત્રીજું પ્રકરણ છે, જેનો હિંદી પરથી ગુજરાતીમાં શ્રીયુત હરિલાલ જીવરાજભાઇ ભાયાણીએ અનુવાદ કર્યો છે. આપ્તજનનાં મરણુ પાછળ અત્યંત શોક થાય છે તે શોક શમાવવાની ભાવનાવાળી આ પુસ્તિકા સમાજને અત્યંત ઉપયોગી થઇ પડે તેમ છે. શ્રી. હરિલાલભાઇ તરફથી આ પુસ્તક સભાને ભેટ મળ્યું છે. મૂલ્ય વિવેકપ્રાપ્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસ્તુત મહાન્ ગ્રંથના સંશોધન માટે એની અનેકાનેક પ્રાચીન પ્રતિઓ એકત્ર કરવામાં આવી છે એટલું જ નહિ પરંતુ તે ઉપરાંત અનેકાનેક પ્રાચીન પ્રાચીનતમ દુર્લભ દાર્શનિક મુદ્રિત તેમજ હસ્તલિખિત ગ્રંથો વગેરે વિશિષ્ટ સાધન સામગ્રી એકત્ર કરી પ્રસ્તુત ગ્રંથને શુદ્ધતમ બનાવવા માટે પ્રયત્ન કરવામાં આવે છે-આવશે.

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

**નીચેના બે સુંદર ગ્રંથો શ્રી પવિત્ર શત્રુંજય તીર્થ શ્રી આદીશ્વર ભગવાનની વર્ષગાંઠના (વૈશાક વદ ૬ ના) દિવસથી ભેટ મોકલવાનું કાર્ય શરૂ થશે.**

**૧ શ્રી સંઘપતિ ચરિત્ર**—પૂર્વાચાર્ય શ્રી **ઉદયપ્રભસૂરિજી** મહારાજે તેરમા સૈકામાં રચેલો આ ગ્રંથ જેમાં પ્રભાવનાધર્મનું અનુપમ વર્ણન, શ્રી સંઘ લઇ તીર્થયાત્રા કરવાથી થતા લાભો, શ્રી સંઘ માહાત્મય, શ્રી શત્રુંજય તીર્થની ઉત્પત્તિ અને માહાત્મયનું ગ્રંથકર્તા આચાર્ય મહારાજે જણાવેલું યથાસ્થિત વર્ણન, શ્રી આદિનાથપ્રભુ અને શ્રી નેમનાથ ભગવાનના ચરિત્રો, શ્રી ભરતચક્રવર્તિ અને કૃષ્ણ વાસુદેવ, પ્રદ્યુમનકુમારની સુંદર કથાઓ, શ્રી જંબુસ્વામીનું વર્ણન, મહાતપસ્વી યુગબાહુનું વૃત્તાંત, છ ઋતુઓનું બ્યાન અને બીજી અનેક અંતર્ગત કથાઓ, તેમજ આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી મહામાત્ય વસ્તુપાળે શ્રી સંઘ સાથે કરેલ શ્રી શત્રુંજય, ગિરનાર મહાતીર્થોની યાત્રાનું અપૂર્વ વર્ણન, સંઘમાં શ્રી ચતુર્વિધ સંઘ અને મનુષ્યોની સંખ્યા અને વાહન રચાસતોનું જાણવા લાયક હકીકતો, શ્રી વસ્તુપાળ અમાત્યે કરોડોના સંખ્યામાં કરેલી અનુપમ સખાવતો, દાતોની નવીન જાણવા લાયક બાબતો શ્રી શત્રુંજય તીર્થ ઉપર કરેલ અપૂર્વ મહોત્સવ, દેવભક્તિ, સંઘ સેવા વગેરેનું વર્ણન આપી આચાર્ય મહારાજે આ ગ્રંથ સંપૂર્ણ કર્યો છે.

સુમારે ત્રણસેંહ ઉપરાંતપાનાનો દળદાર ગ્રંથ, સુંદર ગુજરાતી ટાઇપમાં ઉંચા કાગળો, મજબુત બાઇંડીંગઅને સુંદર ચિત્રો સહિત આકર્ષક બે રંગમાં સુંદર ઝેકેટથી તૈયાર કરવામાં આવ્યો છે. કિંમત રૂા. ૬-૮-૦ પોસ્ટેજ અલગ.

**૨. શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ:**—જેમાં સમકાલિન ચૌદ મહા-સતીઓનું સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે સુંદર અલંકારિક ભાષામાં લખેલ છે. ઉંચા કાગળો સુંદર ટાઇપો, મજબુત બાઇંડીંગ, સુંદર સોનેરી કવર ઝેકેટમાં સચિત્ર તૈયાર કરવામાં આવેલ છે. ચૌદ મહાસતીઓના સુંદર ચરિત્રો ચિત્રો સહિત આપવામાં આવેલ છે. કિંમત રૂા. ૩-૮-૦ પોસ્ટેજ અલગ.

ભેટ મોકલતાં પહેલાં સભાસદોને અગાઉથી ખબર પણ આપવામાં આવશે.

સખ્તમાં સખ્ત મોંઘવારીથી આઠ દશ ગણા ભાવો વધેલા હોવા છતાં અમો આવા સુંદર ગ્રંથો ગમે તેટલો ખર્ચ કરી સભાસદોને ભેટનો લાભ આપ્યા વગર રહેતા નથી. જે અન્ય કોઇ પણ સંસ્થા આવા સુંદર ગ્રંથો ભેટ આપી શકતી નથી, તેથીજ દિવસાનુદિવસ સભાસદોની સંખ્યામાં વૃદ્ધિ થયા કરે છે.

---

## અમારૂં નવું પ્રકાશન કાર્ય.

### શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર) (શ્રીમાનતુંગાચાર્યકૃત)

ઉપરોક્ત અગ્યારમા તીર્થંકર ભગવાનનું સુંદર ચરિત્ર, સચિત્ર, ઉંચા કાગળો સુંદર ગુજરાતી અક્ષરો, પાકું બાઇંડીંગ બેરંગી કવર ઝેકેટવડે સુશોભિત અનેક બીજી અંતર્ગત કથાઓ, વિવિધ વર્ણનો સાથેનો આ ગ્રંથ છપાવવાનું કાર્ય શરૂ કરેલ છે. જેમાં આર્થિક સહાયની જરૂર છે. આર્થિક સહાય આપનારનો ફોટો, જીવન ચરિત્ર અને ધારા પ્રમાણે અમુક નકલો ભેટ આપવામાં આવશે. અમારા સુંદર પ્રકાશનો માટે વિશેષ લખવાની જરૂર નથી. લખો:-**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

### ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્ય શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે–આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. જે આવતા આસો માસમાં લગભગ પ્રકટ થશે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે. તેનું બાઇડીંગ થાય છે.

આ ગ્રંથમાં શેઠશ્રી બબલચંદભાઇ કેશવલાલ મોદીએ રૂા. ૫૦૦) વધારે સહાય તરીકે આપ્યા છે.

**૨ શ્રી શાંતિનાથ ચરિત્ર–સચિત્ર** ભાષાંતર છપાય છે. જે બંને ગ્રંથોની કિંમત શુમારે સોળ રૂપીઆ થવા જાય છે. તે બંને ગ્રંથો અમારા માનવંતા લાઇફ મેમ્બરોને આસો માસ લગભગ ભેટ મોકલવામાં આવશે. જેઠ માસની આખર સુધીમાં નવા થનાર લાઇફ મેમ્બરોને જ માત્ર આ ગ્રંથનો લાભ ધારા પ્રમાણે આપવામાં આવશે.

---

## સુંદર વાંચવા લાયક ચરિત્રો.

### તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

### સિલિકે જુજ છે જલદી મંગાવો.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જદી મંગાવો.

| | |
|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ બીજો | રૂા. ૨–૮–૦ |
| ૨ સુમુખ નૃપાદિ કથાઓ | રૂા. ૧–૦–૦ |
| ૩ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ |
| ૪ શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ |
| ૫ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ |
| ૬ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ |
| ૭ શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ |
| ૮ કુમાર વિહાર શતક | રૂા. ૪–૮–૦ |
| ૯ શ્રીપાળ રાસ સચિત્ર | રૂા. ૪–૦–૦ |
| ૧૦ સમ્યકત્વ કૌમુદી | રૂા. ૧–૦–૦ |
| ૧૧ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૧૨ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૧૩ ધર્મબિંદુ અર્થ સહિત | રૂા. ૨–૦–૦ |
| ૧૪ ધર્મ પરીક્ષા | રૂા. ૧–૦–૦ |
| ૧૫ ચૌદરાજ લોકપૂજા | રૂા. ૦–૪–૦ |
| ૧૬ બ્રહ્મચર્ય પૂજા | રૂા. ૦–૪–૦ |
| ૧૭ સમ્યકત્વ દર્શન પૂજા | રૂા. ૦–૨–૦ |
| ૧૮ શ્રી મહાવીર યુગની મહાદેવીઓ | રૂા. ૩–૮–૦ |
| ૧૯ શ્રી સંઘપતિ ચરિત્ર | રૂા. ૬–૮–૦ |

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only